# હંમેશાના જીવનનો શૌખ એ ફિતરતનો તકાઝો છે.

### ખુલ્દનો ડિક્ષનરી અર્થઃ

(૧) જે જુનુ ન હોય, જે હંમેશા નવું રહે એટલે કે તે ક્યારેય જુનુ ન થાય.

(૨) ઈસ્તિમરાર, શરૂ રહેવું.

### પારિભાષિક અર્થઃ

બેહિશ્તઃ કુર્આનમાં ખુલ્દ હંમેશાની જીંદગીના અર્થમાં ઉપયોગમાં થયુ છે. સારી અને ખરાબ બંને જીંદગી માટે.

### ઈશ્તિયાકઃ

શૌખ, ખ્વાહિશ, તમન્ના, ઇચ્છા (અહીં લાંબી ઉમ્ર માટે)

ચર્ચા હેઠળનો વિષય જાહેરી રીતે અસ્પષ્ટ જણાય છે. પરંતુ તેના પર જયારે અકલની રોશની પડે છે તો ઇન્સાનની ખિલ્કતના મકસદની હકીકતના રહસ્યો અને ભેદ પર પડેલા પર્દા ઉઠવા લાગે છે અને નેક તીનતો અને પવિત્ર દ્રષ્ટિઓને પોતાના વુજુદની બુલંદીઓના આસ્માનો પર ફેલાયેલી ભવ્યગાહો નજરે આવે છે, જેનાથી ભયભીત દિલ ''અન્ઝલ સકીનત ફી કોલુબીલ મોઅમેનીન'' ઇલાહી કૌલના સુકુન ભર્યા વર્તુળમાં આવી જાય છે.

તકવીની આલમથી ઇન્સાનીય્યતમાં ફીતરતનો તકાઝો તે તત્વ કે જે હયાતે દુન્યવીની બકા છે તે મૂળભૂત રીતે અસ્તિત્વ છે, એટલે કે ઇન્સાને જીંદગીના શરૂઆતની જયારથી શ્વાસ લીધી છે આ ઉસુલ તેના દિમાગને મજબૂતીથી પકડી રાખેલ છે કે તેને જીવવું છે. મરવાથી દૂર રહ્યો અને જીવવાના શૌખને હાંસિલ કરવામાં ચારે તરફ શોધખોળની નજર નાખતો રહે છે અને તે પોતાની ક્ષમતા મુજબ જીંદગીને બાકી રાખવાના પરિબળોને તૈયાર કરવામાં મશગુલ રહે છે. જેથી તેની જીંદગીમાં કોઇ એવો વળાંક ન આવે જ્યાં તેની જીંદગીને ખતરાનો સામનો કરવો પડે.

### દુનિયાની અંદર જીંદગી અને તેનો વિકાસઃ

એ જુનામાં જુનો સમય યાદ કરો જેને પત્થરોનો યુગ કહેવામાં આવે છે. આ ઇન્સાની સંસ્કૃતિની શરૂઆત ઇતિહાસની અંદર નોંધાયેલ છે. કારણ કે ઇન્સાન ફિતરી રીતે એક સામાજિક પ્રાણી છે. આથી સમૂહ બની ગયા. ખોરાક માટે જાનવરોનો શિકાર કરવો અને શિકાર માટે પત્થરોના ઓજારો તૈયાર કરવા એ તેઓની પ્રવૃત્તિ હતી, જે ઇતિહાસકારો અને સંશોધકોએ વર્ણવી છે અને જયારે ઇન્સાની સંસ્કૃતિની શરૂઆતનો ઉલ્લેખ આવે છે તો એ વાંચ્યુ કે તે સમૂહમાં એકબીજાની એકબીજાથી દૂરીને અમલમાં ન લાવવામાં આવે તો આ સમૂહની માઁ ને પોતાના સરપરસ્ત માની લીધા. અક્લે એ માઁ ને અગ્રતા આપીને પોતાના અસ્તિત્વનો ઝામીન બનાવી લીધો. એ પત્થરોએ ચકમકના પત્થરોનો પતો આપ્યો અને આ રીતે ઇન્સાની સંસ્કૃતિ એ પોતાની જીંદગીના અસ્તિત્વને ટકાવી રાખવા માટે લાંબી જીંદગી પસાર કરવાના પરિબળો શોધી કાઢ્યા. માઁ જયારે હાકીમ બની તો ઇન્સાફ તેની ફિતરતનો એ તકાઝો હતો જ્યાં કુરબાની અને ઇસારની પણ સુરત જે પણ પૈદા થયા. બસ આ રીતે જીંદગીને બાકી રાખવાની

**અનુસંધાન પાના નં. ૨૪ ઉપર ...**

# તુલે ઉમ્ર સુન્નતે ખુદાવંદી છે.

હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)એ જે સમયે ખુદાના હુકમથી પોતાના જાનશીનોનું એલાન કર્યુ ત્યારે ઉમ્મતની સામે સ્પષ્ટ રીતે બયાન ફરમાવ્યું:

*''મારી પછી આ ઉમ્મતમાં બાર જાનશીનો થશે''*

એ સમયે એ વાત બિલ્કુલ સ્પષ્ટ હતી કે આ સંખ્યા કયામત સુધી છે અને કયામતના આવવાનો કોઇ સમય નિશ્ચિત નથી. આથી કાં તો બધાની ઉમ્ર લાંબી હશે કારણ કે લાંબી ઉમ્ર સિવાય કયામત સુધી આ સિલસિલો ચાલુ નથી રહી શકતો અથવા એકની ઉમ્ર ચોક્કસ તુલાની હશે. ખુદા અને રસુલ અને તેના હકીકી જાનશીનોને એ વાતનુ ઇલ્મ હતુ કે અગિયાર જાનશીનો પોતાની કુદરતી સ્વભાવિક ઉમ્ર વીતાવી શકશે નહી. તેમાંથી દરેક કાં તો તલવારથી શહીદ કરવામાં આવશે અથવા ઝહેર આપીને શહીદ કરવામાં આવશે. આથી પ્રથમથી જ એ વાત નક્કી હતી કે આખરીની ઉમ્ર તુલાની હશે અને ગયબત પણ થશે. આથી શરૂઆતથી જ આખરીની મિસાલ એ લોકો સાથે દેવામાં આવી જેમની ઉમ્રો તુલાની હતી. જેઓની લાંબી ઉમ્રથી લોકો જાણકાર હતા. હઝરત ઇમામ ઝયનુલ આબેદીન(અ.સ.)એ ફરમાવ્યું:

***ફીલ્કાએમે સુન્નતુન મીન નુહીન વ હોવ તુલુલ ઉમ્રો***

***''કાએમ(અ.સ.)માં નૂહ(અ.સ.)ની એક સુન્નત છે અને તે લાંબી ઉમ્ર છે''***

(મુન્તખબુલ અસર, પાનાઃ ૩૪૧)

સુરએ અન્કબુતની આયત નં. ૧૪ માં ઇર્શાદ થાય છેઃ

***વ લકદ્ અર્સલ્ના નુહન એલા કવ્મેહી ફ લબેસ ફી હીમ અલ્ફ સનતીન ઇલ્લા ખમ્સીન આમા ફ અખઝ હોમુત્તુફાનો વ હુમ ઝાલેમુન***

***''અને ચોક્કસ અમે નૂહ(અ.સ.)ને તેની કૌમ તરફ મોકલ્યા. તેઓ ત્યાં એક હજાર વરસમાં પચાસ વરસ ઓછા રહ્યા (૯૫૦ વરસ) ત્યાર બાદ કૌમને તેઓના ગુનાહના લીધે તોફાને પકડી લીધા''***

આ આયતથી સાફ સાફ જાહેર થઇ રહ્યુ છે કે જનાબે નૂહ(અ.સ.) તોફાનની પેહલા ૯૫૦ વરસ સુધી પોતાની કૌમમાં રહ્યા. તોફાન પછી તેમની કૌમ હલાક થઇ ગઇ. પરંતુ જનાબે નૂહ(અ.સ.) અને એ લોકો જે તેમની સાથે કીશતીમાં સવાર હતા, તેઓ તોફાન પછી પણ જીવતા રહ્યા. આ આયતે કરીમા ફક્ત ૯૫૦ વરસની ઉમ્રનો ઝિક્ર નથી કરી રહી પરંતુ તેનાથી વધારેનો ઉલ્લેખ કરી રહી છે. જનાબે નૂહ(અ.સ.) ચોક્કસ ૯૫૦ વરસથી વધારે જીવતા રહ્યા.

અમુક લોકો કારણ વગર ઇમામે ઝમાના(અ.સ.)ની તુલે ઉમ્રનુ બહાનુ બતાવીને તેમના વુજુદનો ઇન્કાર કરે છે અને શીયાની સામે વિરોધ કરે છે.

અગર અત્યારે કોઇ આદમી એ દાવો કરે કે હું પાણી પર ચાલી શકુ છુ તો આખુ શહેર તેને જોવા માટે ભેગુ થશે. કારણ કે અત્યાર સુધી એવુ થયુ નથી. બધાને આશ્ચર્ય થશે. પરંતુ અમુક દિવસો પછી એક બીજો શખ્સ આ જ વાત કરે તો પણ લોકો તેને જોવા માટે આવશે. પરંતુ અગર ત્રીજો આદમી આવો જ દાવો કરે અને તે પણ પાણી પર ચાલીને બતાવે તો લોકો ઓછા આવશે અને આ રીતે ચોથો અને પાંચમો આદમી દાવો કરે તો લોકો પેહલા કરતા ઓછા આવશે અને અગર અમુક લોકો બીજા આ દાવો કરે તો વાત સામાન્ય થશે અને કોઇ આશ્ચર્ય નહી કરે. કોઇ જોવા પણ નહી આવે. પેહલી બીજી વાર આશ્ચર્ય થાય છે પણ વાત જ્યારે રોજીંદી જેવી થઇ જાય તો આશ્ચર્ય ખત્મ થઇ જાય છે.

હઝરત ઇમામે ઝમાના(અ.સ.)ની તુલાની ઉમ્ર એ ઇતિહાસનો કોઇ પેહલો બનાવ તો નથી કે જેના લીધે લોકોને આશ્ચર્ય થઇ રહ્યુ છે, કારણ કે શક્ય છે કે એક શખ્સ એટલા વધારે દિવસો જીવતા રહે.

દુનિયાવાળાઓ અને ખાસ કરીને મુસલમાન ઘણા બધા

લોકોની લાંબી જીંદગીના માનવાવાળા છે. અમુક લોકો તો એવા છે જે ઇમામે ઝમાના(અ.સ.)ની વિલાદતના સેંકડો વરસો પેહલા જીવતા હતા અને આજે પણ જીવતા છે. જનાબે ઇદરીસ(અ.સ.) આસ્માનમાં હજી સુધી જીવતા છે. જનાબે ખિઝ(અ.સ.) જનાબે મુસા(અ.સ.)ના ઝમાનાથી હજી સુધી જીવતા છે. જનાબે ઇસા(અ.સ.) કુર્આની હકીકતોની રીતે જીવતા છે. રિવાયતોના આધારે આસ્માન પર હઝરત ઇમામ મહદી(અ.સ.)ના પૂર નૂર ઝુહુરનો ઇન્તેઝાર કરી રહ્યા છે. જ્યારે હઝરત(અ.સ.) ઝાહિર થશે તો હઝરત ઇસા(અ.સ.) તેમની પાછળ નમાઝ પઢશે. અગર ખુદાવંદે આલમ આ તમામ હઝરાતને તુલાની ઉમ્ર અતા કરી શકે છે તો અશરફુલ અંબિયા અને અફઝલુલ મુરસલીન હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.)ની પવિત્ર નસ્લની આખરી હુજ્જતને તુલે ઉમ્ર નથી દઇ શકતો? પરંતુ આ મિજાઝનુ શું કરી શકાય કે બીજાઓની તો દરેક ફઝીલત કબુલ છે અને આલે મોહમ્મદની ફઝીલત અકલ અને ઇલ્મની વિરૂદ્ધ દેખાય છે. અગર ઇન્સાન અકલ અને સમજણથી વિચારે કે જો મફઝુલને (ઓછી ફઝીલતવાળાને) તુલે ઉમ્ર મળી શકે છે તો અફઝલને શા માટે તુલે ઉમ્ર નથી મળી શકતી.

## અગાઉના ઝમાનાના મોટી ઉમ્રવાળાઓ:

હઝરત આયતુલ્લાહ ઉઝમા જનાબ આકા લુત્ફુલ્લાહ સાફી ગુલ પયગાની દામ ઝિલ્લહુલ આલી એ પોતાની અમુલ્ય કિતાબ મુન્તખબુલ અસર પેજ ૩૪૧-૩૪૨ તૌરેતની જુની પ્રત પ્રકાશન બૈરૂત ઇ.સ. ૧૮૭૦ ના હવાલાથી અગાઉના અંબિયા(અ.મુ.સ.) અને અમુક તુલાની ઉમ્રવાળા લોકોનો ઉલ્લેખ કર્યો છે. અમે અહીં માત્ર અમુકનો ઉલ્લેખ કરીએ છીએ.

જનાબે આદમ(અ.સ.) ૯૩૦ વર્ષ, જનાબે શીશ (અ.સ.) ૯૧૨ વર્ષ, જનાબે અનુષ(અ.સ.) ૯૦૦ વર્ષ, જનાબે કયઆન ૯૧૦ વર્ષ, મુન્હલ ૮૯૫ વર્ષ, જનાબે યારૂ ૯૯૨ વર્ષ, જનાબે અખનુખ ૩૬૫ વર્ષ, શુશાલેહ ૯૬૯ વર્ષ, જનાબે નૂહ(અ.સ.) ૨૫૦૦ વર્ષ, જનાબે લામક ૭૭૭ વર્ષ, લુકમાન બીન આદ ૩૫૦૦ વર્ષ, લુકમાને હકીમ ૪૦૦૦ વર્ષ.

આ ઉપરાંત અન્ય મોઅમ્મેરીનનો ઉલ્લેખ કર્યો છે.

જનાબ શૈખ સદૂક(અ.ર.)એ હઝરત ઇમામે ઝમાના (અ.સ.)ની ઇચ્છા મુજબ લખેલી કિતાબ ‘‘કમાલુદ્દીન વ તમામુન્નેઅમતમાં મોઅમ્મેરીનના પ્રકરણમાં એવા અસંખ્ય વ્યક્તિઓનો ઉલ્લેખ કર્યો છે જેઓની ઉમ્ર લાંબી હતી. ટૂંકાણને ધ્યાનમાં રાખીને ફક્ત ૧૦ લોકોનો ઉલ્લેખ કરીએ છીએ.

(૧) ઉમર બીન આમીર ૮૦૦ વર્ષ, તેનુ નામ મઝીકસીયા રાખવામાં આવ્યુ હતુ. તેઓ ૪૦૦ વર્ષ એક બજારની વ્યક્તિ તરીકે જીંદગી ગુજારી અને ૪૦૦ વર્ષ એક બાદશાહ તરીકે. (૨) હબલી બીન અબ્દુલ્લાહ બીન કીનાના ૬૦૦ વર્ષ. (૩) લુકમાન બીન આદી અલ કબીર ૫૬૦ વર્ષ, (૪) દવીલ બીન ઝૈદ બીન નહદ ૪૫૦ વર્ષ. (૫) સ્તુગર બીન રબીલા બીન કઅબ તમીમ ૩૩૦ વર્ષ. (૬) રવાઅ બીન કઅબ બીન ઝહલ બીન કૈસ અન્નખઇ ૩૦૦ વર્ષ. (૭) ઔબૈદ બીન ઇરસ ૩૦૦ વર્ષ. (૮) શરયા બીન અબ્દુલ્લાહ ૩૦૦ વર્ષ. (૯) સઅદી કર્બુલ હીમયરી ૨૫૦ વર્ષ. (૧૦) રબીઅ બીન બયઅ ૨૪૦ વર્ષ.

## એક સવાલ:

અગર એક સાથે ૧૦૦ ઝાડ રોપવામાં આવે અને અમુક દિવસો પછી તેમાંથી ૧૦ ઝાડ સુકાઇ જાય તો લોકો શું સવાલ કરે છે? શું આ સવાલ કરે છે કે ૯૦ વૃક્ષો શા માટે બાકી રહ્યા? કે આ સવાલ કરે છે કે આ દસ ઝાડ શા માટે સુકાઇ ગયા? અગર એક હોસ્પિટલમાં એક જ દિવસે દસ બચ્ચા પૈદા થાય અને અમુક દિવસો પછી બે બચ્ચાઓની મૌત થઇ જાય તો સવાલ શું કરે છે? આઠ બચ્ચાઓ શા માટે જીવતા રહ્યા? કે બે બચ્ચાની મૌત શા માટે થઇ? શું સામાન્ય રીતે લોકો જીવતા રેહવાવાળાઓને સવાલ કરે છે કે તમે શા માટે જીવતા છો? કે જ્યારે કોઇનો ઇન્તેકાલ થઇ જાય છે તો પુછે છે કે કેમ કરતા ગુજરી ગયા? તેનાથી સ્પષ્ટ થાય છે કે જીવતુ રહેવુ એ એક પ્રાકૃતિક ચીજ છે અને મૃત્યુ અપ્રાકૃતિક છે.

આ કારણે હઝરત ઇમામે ઝમાના(અ.સ.)ના બારામાં આ પુછવુ કે તેઓ હજી સુધી હયાત શા માટે છે તે વ્યર્થ સવાલ

છે. સવાલ તો એ થવો જોઇએ કે અગાઉના ઇમામોની મૌત અને શહાદત કેમ થઇ? અગિયાર ઇમામોની શહાદતના બારામાં સવાલ એટલા માટે નથી કરતા કે તેમાં કાતિલ અને ઝાલિમનું નામ આવશે અને પછી કાતિલ અને ઝાલિમથી જોડાયેલા લોકોના નામોનો પણ ઉલ્લેખ થશે. તેમાં એ લોકોના પણ નામ આવશે જેના પ્રત્યે આજે પણ અમુક લોકો અકીદત રાખે છે. આના લીધે તેઓ હઝરત ઇમામે ઝમાના(અ.સ.)ની તુલાની ઉમ્રના બારામાં પુછે છે, સવાલ કરે છે. જેથી અગાઉના ઇમામોની શહાદતનો વિષય સામે ન આવે.

## આશ્ચર્ય શા માટે?

એ વાત પસાર થઇ ચુકી છે કે કોઇ ચીજ પ્રથમવાર બનતી હોય ત્યારે લોકોને ખુબ જ આશ્ચર્ય થાય છે. પરંતુ જ્યારે તે બનાવ વારંવાર થવા લાગે છે તો આશ્ચર્ય ખત્મ થઇ જાય છે અને લોકો એ વાતથી ટેવાઇ જાય છે. અબુલ બશર જનાબે આદમ(અ.સ.)થી લઇને આજ સુધી ફક્ત એક અને માત્ર એક ઇમામે ઝમાના(અ.સ.) જ નથી કે જેમની ઉમ્ર તુલાની છે. પરંતુ લાંબી ઉમ્ર હાસિલ કરવાવાળાઓનુ એક લાંબુ લીસ્ટ છે. આથી હઝરત ઇમામ ઝમાના(અ.સ.)ની તુલાની ઉમ્ર એક સામાન્ય ખબર છે. તેમાં કોઇ પણ પ્રકારના આશ્ચર્ય કે શંકાની જગ્યા નથી.

## લાંબી ઉમ્રથી વધારે આશ્ચર્યકારકઃ

જે ચીજ વારંવાર વુજુદમાં આવે તે વધારે આશ્ચર્યકારક છે કે એ ચીજ વધારે આશ્ચર્યકારક છે જે હજી સુધી વુજુદમાં ન આવી હોય? જાહેર છે કે જે ચીજ હજી સુધી વુજુદમાં ન આવી હોય અને કોઇ તેના વુજુદમાં આવવાની વાત કરે તે વધારે આશ્ચર્યકારક અને ઇન્કારને લાયક સવાલ હોય શકે છે.

આ દુનિયા જ્યારથી વુજુદમાં આવી છે ત્યારથી લઇને આજ સુધી એવુ નથી થયુ કે આખી દુનિયા અવ્વલથી આખીર સુધી અદ્લો ઇન્સાફથી ભરાઇ ગઇ હોય અને આખી દુનિયામાંથી ઝુલ્મો જોરનો અંત આવી ગયો હોય. દરેક જગ્યાએ તૌહીદ હોય અને ખુબ જ ખુલુસતા અને માઅરેફતની સાથે ખુદાની ઇબાદત થઇ રહી હોય, કોઇને પણ જરાય ડર કે ભય ન હોય, દરેક જગ્યાએ શાંતિ અને સુકુન હોય. હવે અગર કોઇ એમ કહે કે એક દિવસ પુરી દુનિયામાં અદ્લો ઇન્સાફ હશે તો એ વધારે આશ્ચર્યની વાત છે કારણ કે જે હજી સુધી નથી થઇ તે હવે કેવી રીતે થશે. પરંતુ તેનુ શું કરવામાં આવે જે હઝરત ઇમામ મહદી(અ.સ.)ની તુલાની ઉમ્ર પર વાંધો ઉઠાવવાવાળા હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)ની આ હદીસને તસ્લીમ કરે છે.

> *“અગર આ દુનિયાની ઉમ્રમાં ફક્ત એક દિવસ બાકી રહી જાય તો ખુદાવંદે આલમ એ દિવસને એટલો લાંબો કરશે કે મારી નસ્લમાંથી મારી એહલેબૈત(અ.મુ.સ.) માંથી એક શખ્સ જાહેર થશે, જેનું નામ મારૂ નામ હશે અને જેની કુન્નિયત મારી કુન્નિયત હશે. તે જમીનને અદ્લો ઇન્સાફથી એવી રીતે ભરી દેશે જેવી રીતે ઝુલ્મો જોરથી ભરેલી હશે”*

તમામ મુસલમાનો આ વાતને તસ્લીમ કરે છે કે હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)ની આ આગાહી હઝરત ઇમામ મહદી (અ.સ.)ના થકી પુરી થશે. તુલાની ઉમ્રની સરખામણીમાં અદ્લો ઇન્સાફથી આખી દુનિયાનુ ભરાઇ જવુ એ વધારે મુશ્કેલ છે. કારણ કે તુલાની ઉમ્રનો સંબંધ ફક્ત એક વ્યક્તિ અને ઝાતથી છે. જ્યારે કે દુનિયાને અદ્લો ઇન્સાફથી ભરવા માટે દુનિયાના તમામ લોકોનુ બદલવુ અને તેઓની સુધારણા જરૂરી છે. હવે તેને શુ કહેવુ કે લોકો ખુબ જ મુશ્કેલ ચીજને આસાનીથી કબુલ કરી લે છે અને ખુબ જ આસાન ચીજને જે બાબત વારંવાર થઇ તેને સ્વિકારવા તૈયાર નથી.

હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)ની બયાન કરેલ રિવાયતોની રોશનીમાં અમે બસ એ ઇમામ મહદી(અ.સ.)નો ઇન્તેઝાર કરી રહ્યા છીએ અને બસ તેઓ જ દુનિયામાં ખુદાના વાયદાને પુરો કરશે જેમની ગયબત હશે અને તુલાની ગયબત હશે, જેમની ઉમ્ર તુલાની હશે, જેઓ ઝુહુરના સમયે લાંબી ઉમ્ર છતા બસ ૪૦ વરસના દેખાશે, તુલાની ઉમ્ર તેમના શરીર પર અસરકારક નહી હોય. હવે અગર કોઇ એવો શખ્સ મહદી હોવાનો દાવો કરે જે દેખાવમાં ૪૦ વરસથી વધારે દેખાતા હોય અથવા ખરેખર ૪૦ વરસના હોય અને તેની ઉમ્ર તુલાની ન હોય અને તેણે એક તુલાની ગૈબત અપનાવી ન હોય તો તે હરગીઝ એ મહદી નથી જેની હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ બશારત આપી છે.

ખરેખર ઇમામ મહદી(અ.સ.) માત્ર એ છે જેમની ઉમ્ર તુલાની હશે, લાંબી ગયબત હશે અને ઝુહુરના સમયે ૪૦ વરસના જવાન દેખાશે.

## લાંબી ઉમ્રનુ કારણ ઇમામ(અ.સ.)નુ ઇલ્મ:

ખુદાવંદે આલમે જે ઇમામ મહદી(અ.સ.) થકી આખી દુનિયાને અદ્‌લો ઇન્સાફથી ભરવાનો વાયદો કર્યો છે. તે એ ઇમામ મહદી(અ.સ.) છે, જેમને ખુદાવંદે આલમે અવ્વલ અને આખરનુ ઉલુમ અતા કર્યુ છે. તેમની ઇમામત માત્ર અમુક ઇન્સાનો પર નથી પરંતુ કાએનાતના કણે કણ પર છે. ઇન્સાનોમાં ચોક્કસ એવી વ્યક્તિઓ છે જે પોતાની જેહાલત અને અજ્ઞાનતાને લીધે હઝરત ઇમામ મહદી(અ.સ.)ની ઇમામતના માનવાવાળા ન હોય અને તેમના હુકમની સામે તસ્લીમ ન હોય. જ્યારે કે આ કાએનાતના કણે કણ ઇમામ મહદી(અ.સ.)ની ઇમામત અને વિલાયતના માનવાવાળા છે અને તેમની સામે તસ્લીમ છે અને તે હઝરત(અ.સ.) પણ કાએનાતના કણે કણનુ સંપૂર્ણ ઇલ્મ-જાણકારી ધરાવે છે.

**પ્રથમ એ કે** ખુદાવંદે આલમ એ ઇન્સાનનુ શરીર એવી રીતે બનાવ્યુ છે કે તેમાં અનિશ્ચીત મુદ્દત સુધી જીવતા રેહવાની ક્ષમતા છે. અગર શરીરમાં આ પ્રકારની ક્ષમતા ન હોત તો લોકો આટલી લાંબી ઉમ્ર કેવી રીતે પસાર કરતે.

**બીજુ એ કે** ખોરાકમાં બેદરકારી અને શરીરની તંદુરસ્તીના નિયમો પ્રત્યે બેદરકારી શરીરને વૃદ્ધ બનાવે છે. કારણ કે આપણને ખોરાકના બારામાં સંપૂર્ણ ઇલ્મ નથી આથી આપણે કોશિશ કરવા છતા સાવચેતી નથી રાખી શકતા. જ્યારે કે ઇમામ(અ.સ.) માટે આવી કોઇ વાત નથી. તેમને દરેક ચીજનુ ઇલ્મ છે અને નુકસાનકારક ચીજો ખુદ તેમના મુબારક હાથો પર પોતાના નુકસાનકારક હોવાની ગવાહી આપશે. આથી ખોરાક વિગેરે થકી શરીરના અસરગ્રસ્ત હોવાનો કોઇ સવાલ જ પૈદા નથી થતો.

**ત્રીજુ એ કે** જે ચીજ તંદુરસ્તી પર ખોરાકથી વધારે અસર કરે છે તે ગમ-ગુસ્સો છે. એ ઇમામ જેમનુ દિલ યાદે ઇલાહીથી મુત્મઇન હોય તેની પર દુનિયાના રંજો ગમની શું અસર.

**ચોથુ એ કે** તેઓ દુનિયાના ઇમામ છે. તેઓ દુનિયા પર અસર કરે છે. દુનિયા આપના પર અસર નથી કરતી. આથી ઝમાનાની હાલતથી તેઓ અસરગ્રસ્ત નથી થતા કારણ કે ઉમ્ર એ દિવસો અને વરસોના પસાર થવાનુ નામ છે અને દિવસ અને વરસ સુરજ અને ચાંદના પરિભ્રમણના લીધે અસ્તિત્વમાં આવે છે. જેના પર આ સુરજ અને ચાંદનુ પરિભ્રમણ અસર કરે છે તેનુ શરીર અને જીસ્મ વૃદ્ધ થાય છે પરંતુ સુરજ અને ચાંદ જેમના વુજુદથી અસરગ્રસ્ત હોય અને જેના નુરથી રોશની મેળવી રહ્યા હોય તેઓ ઇમામ પર કેવી રીતે અસરકારક હોય શકે. આથી દિવસોના પસાર થવાથી ઇમામ પર કોઇ અસર નથી થતી. આથી જ્યાં સુધી ખુદા ચાહે તેઓ હયાત રહે છે અને જવાન રહે છે.

પાંચમુ એ કે જીંદગી અને મૌત બધુ અલ્લાહના ઇખ્તિયારમાં છે. દુનિયાની તમામ ચીજો પરિણામ છે, કારણ નથી. દરેકની જીંદગી અને મૌતનુ અસલી કારણ અલ્લાહની ઇનાયત છે. ખુદાવંદે આલમ જ્યાં સુધી ચાહે, જેવી રીતે ચાહે, જે પ્રમાણે ચાહે, જેને ચાહે જીવતા અને જવાન રાખી શકે છે. ઇમામ મહદી(અ.સ.) ખુદાવંદે આલમના પ્રતિનિધિ, તેના વલી અને ખલીફા છે. તે જ્યાં સુધી ચાહે પોતાના વલીને જે રીતે ચાહે હયાત રાખવા ચાહે રાખી શકે છે. કોઇને જરાયે પણ શંકા કે વાંધો કરવાનો હક નથી. આપણે એ જ ઇમામ મહદી (અ.સ.)નો ઇન્તેઝાર કરી રહ્યા છીએ જેઓ ખુદાના વલી છે. ખાલિક અને મખ્લુકની દરમિયાન ફૈઝ અને બરકતોનો વાસ્તો છે. આથી હઝરત ઇમામ મહદી(અ.સ.)ની લાંબી ઉમ્ર હરગીઝ-હરગીઝ તેમના વુજુદના ઇન્કારનો સબબ નથી થઇ શકતી.

અગર સંશોધનની મૂળભૂત શાખાઓનુ પૃથક્કરણ કરવામાં આવે અને વાસ્તવિક્તાના જોવામાં ફિક્રી તાવીલો પોતાના ઘડી કાઢેલા ઇખ્તેલાફોના ઝેરીલી અસરોના ખતરનાક જીવાણુંઓને ખત્મ કરી ખુદાના રસુલ(સ.)ની આગાહીઓને સાફ અને જાહેર અને નિર્મળ પાણીથી ધોઇ નાખવામાં આવે તો ઓછામાં ઓછુ મુસલમાન ઇમામ મહદી(અ.સ.)ના દરવાજા પર એક કેન્દ્ર પર આવી શકે છે અને તેમની શાન અને ઇસ્લામી શોકતનો પરચમ એટલો

**અનુસંધાન પાના નં. ૨૪ ઉપર ...**

# લાંબી ઉમ્રવાળા અંબિયા(અ.મુ.સ.) અને ઈમામે ઝમાના(અ.સ.)ની તુલે ઉમ્ર

અલ્લાહના ફઝલો કરમ અને ઈમામે ઝમાના(અ.સ.)ના લુત્ફો કરમ અને ચૌદ માસુમીન(અ.મુ.સ.)ની ઈનાયતોના છાયામાં અલ મુન્તઝરના ખાસ અંકોમાં અને ઈમામે ઝમાના (અ.સ.)ની ગૈબત, તુલે ઉમ્ર, ઈન્તેઝાર, ઝુહુર, જવાબદારીઓ, રજઅત, ઈમામે ઝમાના(અ.સ.)ના અસ્હાબ અને મદદગારો, ઝુહુરની નિશાનીઓ, ઈમામે ઝમાના (અ.સ.)ના ઝુહુર માટે દુઆ અને આ ઉપરાંત બેશુમાર વિષયો જેમ કે મહદી(અ.સ.)ના ઝુહુરથી ઈન્કાર અથવા ઈમામ મહદી(અ.સ.)ની વિલાદતથી ઈન્કાર, ઈમામે અસ્ર (અ.સ.)ની ઈમામત પર વાંધાઓના જવાબો પર આધારિત આર્ટીકલ – લેખ શાબાનુલ મોઅઝ્ઝમ હિ.સ. ૧૪૦૭ થી સતત પ્રકાશિત કરી રહ્યા છીએ અને અગર આ આર્ટીકલોને ભેગા કરવામાં આવે તો એક દળદાર પુસ્તકનું સ્વરૂપ લઇ લે તેમ છે.

હવે મોહમ્મદો આલે મોહમ્મદ(અ.મુ.સ.)ના સદકામાં નવા આર્ટીકલો–લેખોની સાથે આપની ખિદમતમાં હાજર છીએ. આ લેખમાં અમારી કોશિશ છે કે ઈમામે ઝમાના(અ.સ.)ની લાંબી ઉમ્રને અંબિયા(અ.મુ.સ.)ની લાંબી ઉમ્રના હવાલાથી સાબિત કરીએ.

અમે અમારા આ લેખની શરૂઆત સય્યદ ઈબ્ને તાઉસ કુદ્દેસ સીર્રહુ(*) ની વસીય્યતથી કરી રહ્યા છીએ કે જેને આપે પોતાના ફરઝંદ મોહમ્મદ અને અલીના માટે લખી હતી અને તે કિતાબના સ્વરૂપમાં ''કશ્ફુલ મહજ્જા લે સમરતીલ મહજ્જા'' ના નામથી વારંવાર પ્રકાશિત થઇ ચુકી છે. કશ્ફુલ મોહજ્જાહની ૭૫ મી ફસ્લમાં આપે લખ્યુ છેઃ

......અય મારા ફરઝંદ! અગર હકીકતો અને રહસ્યોને ખુલ્લા થવાની તૌફીક તમને મળે તો હઝરત મહદી(અ.સ.)ના બારામાં તમને એવી માલુમાત આપીશ કે ક્યારેય પણ તમારા માટે કોઇ પ્રકારનો શક અને શંકા બાકી નહી રહે અને તમે અકલી દલીલો અને વારિદ થયેલી રિવાયતોથી બેનિયાઝ થઇ જાશો કારણ કે તે હઝરત(અ.સ.) ખરેખર જીવતા અને મૌજુદ છે અને જ્યાં સુધી ખુદાવંદે રહીમ કાર્યોની તદબીરના માટે તેમને ઈજાઝત અતા ન કરે ત્યાં સુધી તેઓ પોતાની પ્રવૃત્તિને જાહેર કરી નથી શકતા અને આ ગૈબતનો હુકમ ફક્ત એ હઝરત(અ.સ.)થી જ મખ્સુસ નથી, બલ્કે ઘણા બધા અંબિયા (અ.મુ.સ.) અને અવસીયા (અ.મુ.સ.) પર પણ જારી થયો હતો. આથી તમે તેને નિશ્ચીત અને ચોક્કસ સમજો અને આ વાત (ગૈબતના અકીદા)ને પોતાના દીન અને ઈમાન તરીકે કરાર આપો અને એ સમજી લ્યો કે એ હઝરત(અ.સ.)ના બારામાં તમારા પિતાની મઅરેફત ચમકતા સૂર્યની મઅરેફતથી વધારે પ્રકાશિત છે.

૭૬ મી ફસ્લમાં વસીય્યતને આગળ વધારતા ફરમાવે છે....

અને મારી સાથે એક ઈત્તેફાક એવો થયો કે હું અમુક વિરોધી લોકો (ગૈર શીઆ)ની બેઠકમાં હાજર થયો હતો. આથી મેં એ લોકોને સવાલ કર્યો કેઃ શીઆ પર તમારો વાંધો શું છે. તમે કોઇ પણ પ્રકારના તકય્યા વગર બયાન કરો. જેથી મારો જે અકીદો છે અને માન્યતા છે, જવાબ આપુ અને આઝાદીપૂર્વક મતાલીબને બયાન કરવા માટે ઘરના દરવાજાને બંધ કરી દે, જેથી કોઇ બહારથી અંદર આવી શકે નહી.

તે લોકોએ કહ્યુઃ ઈમામીયા શીઆ પર અમારો વાંધો એ છે કે પૈગમ્બર(સ.અ.વ.)ના સહાબા પર વાંધો ઉઠાવે છે અને તેઓને બુરાઇની સાથે યાદ કરે છે અને રજઅતના માનવાવાળા છે અને મુત્આને જાએઝ સમજે છે અને ઈમામ મહદી (અ.સ.)ની ઈમામતના માનવાવાળા છે અને કહે છે કે આટલી લાંબી મુદ્દત સુધી જીવતા છે.

[*આપનુ પુરૂ નામ રઝીયુદ્દીન અબુલ કાસિમ અલી હતુ અને આપ સય્યદ ઈબ્ને તાઉસથી મશ્હુર છે. આપ હિલ્લામાં હિ.સ. ૫૮૯ માં પૈદા થયા અને હિ.સ. ૬૬૪ માં બગદાદમાં ઈન્તેકાલ થયો અને આપને નજફે અશરફમાં અમીરૂલ મોઅમેનીન(અ.સ.)ના હરમમાં સુપુર્દે ખાક કરવામાં આવ્યા]

તેઓના જવાબમાં મે તેઓને(*) કહ્યુઃ ............અને

[(*) સય્યદ ઇબ્ને તાઉસ(અ.ર.)એ ટૂંકાણની સાથે સહાબીઓ પર એતેરાઝ, રજઅતનો અકીદો અને મુત્આના બારામાં શીઆ અકાએદની સ્પષ્ટતા કરી છે પરંતુ આ લેખમાં આપણો વિષય નથી એટલા માટે અમે તેને લખ્યા નથી]

મહદી(અ.સ.)ની મિસાલ પણ એવી જ છે. કારણ કે તમે લોકો (સુન્ની હઝરાત) એ પોતે જ રિવાયત કરી છે કેઃ ઇદરીસ(અ.સ.) હજી સુધી જીવતા છે, ખિઝ્ર(અ.સ.) હઝરત મુસા(અ.સ.)ના ઝમાનાથી છે અથવા તેનાથી પેહલાના ઝમાનાથી આજ સુધી જીવતા છે અને ઇસા(અ.સ.) આસ્માન પર જીવતા અને મૌજુદ છે અને ઇમામ મહદી(અ.સ.)ની સાથે ઝમીન પર પાછા ફરશે અને આ ત્રણ વ્યક્તિઓ ઇન્સાનમાંથી છે કે જેની ઉમ્ર લાંબી છે અને તેમના વુજુદના કારણે તુલે ઉમ્રના બારામાં કોઇ પ્રકારનુ આશ્ચર્ય અને તેને અશક્ય કે નામુમ્કીન હોવાની કોઇ વાત રહી જાતી નથી. આથી શા માટે મોહમ્મદ બીન અબ્દુલ્લાહ(સ.અ.વ.)ની ઇતરતમાંથી કોઇ આ હઝરતોની જેવુ ન હોય અને તેઓને ન અનુસરે અને તુલે ઉમ્રના સંબંધિત નિશાનીઓમાંથી એક ઇલાહી નિશાની તેમાં જાહેર ન થાય?

અને ખુદ તમે લોકોએ મહદી(અ.સ.)નો એહવાલ અને સિફતોના બારામાં રિવાયત કરી છે કેઃ

***ઇન્નહુ યમ્લઉલ અર્ઝ કીસ્તંવ વ અદ્લા બઅદ મા મોલેઅત જવરંવ ઝુલ્મા***

***હઝરત મહદી(અ.સ.) ઝમીનને અદ્લો ઇન્સાફથી ભરી દેશે જેવી રીતે ઝુલ્મો જોરથી ભરેલી હશે***

અગર તમે થોડુ ચિંતન મનન કરો અને થોડુક ગોરો ફિક્રથી કામ લેશો તો તમે સમર્થન કરશો કે પૂર્વ અને પશ્ચિમમાં દૂર દૂર સુધી ઝમીનને અદ્લો ઇન્સાફથી ભરી દેવી એ આં હઝરત(સ.અ.વ.)ની તુલે ઉમ્રથી વધારે આશ્ચર્યકારક છે પરંતુ ખુદાની કરામતથી તેમના અવલીયા માટે ખુબજ નજદીક છે.

અને આપ લોકો જ ગવાહી આપો છો અને સમર્થન કરો છો કે નબીએ મોઅઝમ ઇસા ઇબ્ને મરયમ એ હઝરતની પાછળ નમાઝ પઢશે અને જંગોમાં હઝરતની મદદ કરશે. આ વાત પણ એ તુલે ઉમ્રથી વધારે મહત્વની છે કે જેના પર તમે આશ્ચર્ય કરો છો અને જેને તમે અસંભવ જાણો છો.

આથી અય મારા ફરઝંદ! આ વાતને પણ હાજર લોકોએ માની લીધી અને સમર્થન કર્યુ.

(વધુ વિગત માટે રૂજુઅ કરો ''બરનામએ સઆદત'' કશ્ફુલ મોહજ્જાનો ફારસી તરજુમો, પાના નં. ૭૩ થી ૭૭ સુધી, ફસ્લ ૭૪ થી ૭૬)

## સારઃ

સય્યદ ઇબ્ને તાઉસ કુદ્દેસ સિર્રહુએ એ મુસલમાનોના નિર્વિવાદ અકીદાઓની તરફ ઇશારો કર્યો છે, જેનો તેઓ હરગીઝ ઇન્કાર નથી કરી શકતા. એટલે હઝરત ઇદરીસ (અ.સ.), હઝરત ખિઝ્ર(અ.સ.), હઝરત ઇસા(અ.સ.)ની તુલે ઉમ્રના બારામાં જેઓ આજ સુધી જીવતા છે.

બીજુ એ કે તુલે ઉમ્ર રોજીંદા જીવનમાંથી નથી તો અશક્ય પણ નથી.

## રિવાયતોઃ

અહીં અમે તુલે ઉમ્રના બારામાં અમુક રિવાયતો વર્ણવી રહ્યા છીએ. આ રિવાયતો એ અંબિયા(અ.મુ.સ.)ના બારામાં છે, જેઓની ઉમ્ર લાંબી છે. હદીસો ઉપરાંત ઇતિહાસની કિતાબો પણ એ અંબિયા(અ.મુ.સ.)ની તુલાની ઉમ્રની દાસ્તાનોને વર્ણન કરતી આવે છે.

અમે અહીં હઝરત ઇમામ મહદી(અ.સ.)ની તુલે ઉમ્રમાં સામ્યતા રાખવાવાળા અંબિયા(અ.મુ.સ.)નો ઉલ્લેખ કરીશુ ઇન્શાલ્લાહ.

હઝરત આયતુલ્લાહ લુત્ફુલ્લાહ સાફી ગુલપાયગાની એ મુન્તખબુલ અસરમાં કિતાબ કમાલુદ્દીનના હવાલાથી વર્ણન કર્યુ છે કે હઝરત ઇમામ હસન અસ્કરી(અ.સ.)એ ફરમાવ્યુઃ

***ઇન્ન ઇબ્ની હોવલ કાએમો મીમ્બઅદી વ હોવલ્લઝી યજ્રી ફીહે સોનનુલ અંબિયાએ અલય્હેમુસ્સલામો બિત્તઅમીરે વલ ગયબતે......***

***''બેશક મારો ફરઝંદ મારા પછી એ જ કાએમ છે અને આ તે જ છે જે અંબિયા(અ.મુ.સ.)ની સીરત પર ઝુહુર કરશે (તેમનાથી અંબિયા(અ.મુ.સ.)ની સુન્નતો***

*જારી થશે) તુલે ઉમ્ર અને ગૈબત જેવી સુન્નતો)''*

(મુન્તખબુલ અસર, ફસ્લઃ ૨, બાબઃ ૩૦, પાના નં. ૨૭૪, હદીસઃ ૧)

આ રિવાયત એક સામાન્ય સમજણ તરફ ઇશારો કરી રહી છે કે ઇમામ મહદી(અ.સ.) અંબિયા(અ.મુ.સ.)ની અમુક સામ્યતા ધરાવે છે અને આ રિવાયતમાં તુલે ઉમ્ર અને ગૈબત જેવી સામ્યતાનો ઝિક્ર છે. આપણો વિષય 'ગૈબતની સામ્યતા' નથી. આથી અમે માત્ર એ અંબિયાનો ઝિક્ર કરીએ છીએ જેઓની ઉમ્ર લાંબી બતાવવામાં આવી છે.

## હઝરત ઇદરીસ(અ.સ.) લાંબી ઉમ્રવાળા નબીઃ

આપ હઝરત નૂહ(અ.સ.)ના પરદાદા હતા. આપનુ નામ ''અખનુખ'' હતુ. ખુદા તેમને એક બુલંદ મકામ પર લઇ ગયા અને કેહવામાં આવે છે કે ચોથા આસ્માન પર લઇ ગયા અને અમુક પ્રમાણે છઠ્ઠા આસ્માન પર અને તફસીરે મજમઉલ બયાનમાં મુજાહિદથી વર્ણન કરવામાં આવ્યુ છે કે ઇદરીસ(અ.સ.)ને આસ્માન પર લઇ જવામાં આવ્યા જેવી રીતે હઝરત ઇસા(અ.સ.)ને આસ્માન પર ઉઠાવી લેવામાં આવ્યા. જ્યારે કે તેઓ જીવતા હતા અને મર્યા ન હતા.

ઇમામ બાકિર(અ.સ.)એ ફરમાવ્યુઃ

***કાએમ(અ.સ.)ને પણ ખુદાવંદ આસ્માનની બુલંદીઓ પર લઇ જાશે. ઇદરીસ(અ.સ.)ને ખુદાએ એક ફરિશ્તાની પાંખ પર સવાર કર્યા અને આસ્માનની ફિઝામાં પરવાઝ કરાવ્યા***

(મિકયાલુલ મકારીમ (ફારસી) ભાગઃ ૧/૨૦૦, તફસીરે મજમઉલ બયાન ભાગઃ ૬/૫૧૯ ના હવાલાથી)

ઇમામ સાદિક(અ.સ.)એ સુરએ મરયમની આયત વ રફઅના મકાનન અલીય્યાની તફસીરમાં હઝરત ઇદરીસ (અ.સ.)નુ આસ્માન પર જવુ અને મલેકુલ મૌતથી મુલાકાત કરવી અને પછી ચોથા અને પાંચમાં આસ્માનની દરમિયાનમાં આપની રૂહને કબ્ઝ કરવાના વાકેઆને બયાન કર્યો છે.

(તફસીરે કુમ્મી, અલી બીન ઇબ્રાહીમ કુમ્મી ભાગઃ ૨/૫૧. લેખક બીજી સદીના અંત અને ત્રીજી સદી હીજરીની શરૂઆતથી સંબંધ રાખે છે)

## તઝક્કુરઃ

ઇમામ સાદિક(અ.સ.)ની આ રિવાયતમાં એ વાત ધ્યાન આપવા લાયક છે કે જ્યારે હઝરત ઇદરીસ(અ.સ.) ચોથા આસ્માન પર પહોંચ્યા તો જોયુ કે મલકુલ મૌત પોતાના માથાને આશ્ચર્યપૂર્વક હલાવી રહ્યા છે. આપ(અ.સ.)એ મલકુલ મૌતને સલામ કરી અને પુછ્યુ શા માટે માથાને હલાવી રહ્યા છો? મલકુલ મૌતે કહ્યુઃ ખુદાએ મને હુકમ આપ્યો કે તમારી રૂહને ચોથા અને પાંચમાં આસ્માનની દરમિયાન કબ્ઝ કરૂ તો મેં ખુદાને કહ્યુઃ પરવરદિગાર! કેવી રીતે આ કામને બજાવી લાવુ જ્યારે કે ચોથા આસ્માનની સપાટી (Thickness) પાંચસો વરસના પ્રમાણમાં રસ્તો કાપવા જેટલી છે અને ચોથા આસ્માનથી ત્રીજા આસ્માનની સપાટી ૫૦૦ વરસનો રસ્તો છે અને ત્રીજા આસ્માનની સપાટી પણ ૫૦૦ વરસની જેટલી છે અને આ રીતે દરેક આસ્માનની દરમિયાનનો ફાંસલો આ રીતે છે. આ રૂહને કબ્ઝ કરવી કેવી રીતે શક્ય છે? પછી મલકુલ મૌત ચોથા અને પાંચમાં આસ્માનની દરમિયાન રૂહ કબ્ઝ કરી પરંતુ બીજી રિવાયત પ્રમાણે હઝરતે ઇદરીસ જ્યારે જન્નતની હદોમાં દાખલ થયા તો ખાલિકે અકબર ખલ્લાકે કાએનાતથી અરજ કરી મને અહીં જીવતો રાખ. દુઆ કબુલ થઇ અને હઝરત ઇદરીસ(અ.સ.) આજ સુધી જીવતા છે.

(મિકયાલુલ મકારીમ, ભાગઃ ૧/૨૦૧)

## તવજ્જોહઃ

આટલી લાંબી ઉમ્ર સુધી અલ્લાહે હઝરત ઇદરીસ (અ.સ.)ને આસ્માનની દરમિયાન સફર કરાવી અને આટલી મુદ્દત સુધી જીવતા રાખ્યા.

અલબત્ત ઇબ્ને અબ્બાસની એક રિવાયતમાં મળે છે કે ઇદરીસ(અ.સ.) બેહિશ્તમાં જીવતા છે.

(મિકયાલુલ મકારીમ, ૧/૨૦૦)

ખુલાસોઃ તુલે ઉમ્ર રોજીંદા ક્રમમાં નથી તો અશક્ય પણ નથી.

## હઝરત ખિઝ્ર(અ.સ.) લાંબી ઉમ્રવાળા નબીઃ

હઝરત ખિઝ્ર(અ.સ.)ની ઉમ્રને અલ્લાહે બહુ જ લાંબી કરી છે અને હજી સુધી જીવતા છે અને આ વાત શીઆ અને

સુન્ની આલિમો અને મુસલમાનોની દરમિયાન નિર્વિવાદ છે અને બેશુમાર રિવાયતો તેના માટે સાબિતિ આપે છે અને આપ હજી સુધી એટલા માટે જીવતા છે કે આપની તુલાની ઉમ્ર ઇમામ મહદી(અ.સ.)ની લાંબી ઉમ્રની દલીલ બની રહે.

ઇમામ સાદિક(અ.સ.)એ ફરમાવ્યુ:

*અલ્લાહે પોતાના નેક બંદા ખિઝ્ર(અ.સ.)ને લાંબી ઉમ્ર અતા કરી, જે ન તો એટલા માટે કે તેમના માટે નબુવ્વત તકદીર કરી હતી અને ન એટલા માટે કે કોઇ કિતાબ એમના પર નાઝિલ કરે અથવા કાનૂનો અને શરીઅત આપે કે જેના થકી બીજી શરીઅતને રદ કરે અને ન તો એટલા માટે કે કોઇ ઇમામતનો દરજ્જો અતા કરે કે પોતાના બંદાઓ પર તેમની પૈરવીને વાજીબ કરે અને ન તેમની ઇતાઅતને વાજીબ કરે પરંતુ કારણ કે અલ્લાહ તબારક વ તઆલાના ઇલ્મમાં આ વાત પસાર થઇ ચુકી હતી કે કાએમ(અ.સ.)ની ઉમ્ર ગૈબતના સમયમાં લાંબી થશે ત્યાં સુધી કે તેમના બંદાઓ યકીન નહી કરે અને આ તુલાની ઉમ્રનો ઇન્કાર કરશે. અલ્લાહે સાલેહ બંદા હઝરત ખિઝ્ર(અ.સ.)ની ઉમ્રને કોઇ પણ સબબ વગર લાંબી કરી, જેથી કાએમ(અ.સ.)ની તુલાની ઉમ્ર પર દલીલ બની રહે. જેથી ઇન્કાર કરવાવાળા દુશ્મનોની દલીલોને રદ કરી શકાય અને પછી ખુદા પર લોકોની કોઇ હુજ્જત બાકી ન રહી જાય.*

(મિકયાલ, ૧/૨૧૬, કમાલુદ્દીન, ૨/૩૫૭ ના હવાલાથી)

(કે બહાનાબાજી ન કરી શકે કે અમને માલુમ જ ન હતુ કે આયુષ્ય લાંબુ પણ હોઇ શકે છે)

એક અન્ય રિવાયતમાં ઇમામ રેઝા(અ.સ.)થી નકલ થયુ છે કે આપ(અ.સ.)એ ફરમાવ્યુ:

*ખિઝ્ર(અ.સ.)એ આબે હયાત પીધુ છે અને કયામત સુધી જીવતા રેહશે. તેઓ હંમેશા અમારી પાસે આવે છે અને અમને સલામ કરે છે. તેમની અવાજ સંભળાય છે, પરંતુ તેઓ પોતે દેખાતા નથી અને જે પણ તેમનો ઝિક્ર કરે છે, તે તેની મજલીસમાં હાજર થાય છે અને તમારામાંથી જે તેમને યાદ કરે છે, તે તેમને સલામ કરે છે. તેઓ દર વરસે હજ માટે હાજર થાય છે. હજના તમામ મનાસિક બજાવી લાવે છે અને અરફાતમાં રોકાય છે. મોઅમેનીનની દુઆ પર આમીન કહે છે અને ખુદાવંદે આલમ અમારા કાએમ(અ.સ.)ની એકલતા અને વેહશતને તેમની ગૈબતના ઝમાનામાં પ્યાર મોહબ્બતમાં બદલી દેશે અને તેમની એકલતાને દુર કરી દેશે.*

(કમાલુદ્દીન, ૨/૩૫૭, બાબ: ૩૩, હદીસ નં. ૫૩)

## હજના હકીકી અમીર:

જે લોકો હજ પર જઇ ચુક્યા છે અને જે લોકો હજ પર જશે ઇન્શાલ્લાહ, તવજ્જો રાખશો કે ઇમામે અસ્ર(અ.સ.) દર વરસે હજ માટે તશરીફ લાવે છે. મક્કામાં, મીનામાં, અરફાતમાં, મશઅર અને મુઝદલફામાં, સફા અને મરવા તથા કુરબાનગાહમાં, તવાફ અને સઇ દરમિયાન. ટુંકમાં એ કે દરેક જગ્યાએ મૌજુદ હોય છે. એટલા માટે જરૂરી છે કે મોહતરમ હાજીઓ હજના દિવસોમાં આ હકીકી અને રૂહાની અમીરે હજ એટલે કે ઇમામે ઝમાના(અ.સ.)ની પાછળ રહે અને હઝરતના હકમાં દુઆ કરે અને ખુદાવંદ તઆલા પાસે તેમના ઝુહુરની દરખ્વાસ્ત કરે અને હઝરતે ખિઝ્ર(અ.સ.) આપની દુઆઓ પર આમીન કહે. શાયદ હઝરતનો દિદાર નસીબ થઇ જાય.

તુલે ઉમ્ર સામાન્ય નથી તો અશક્ય પણ નથી.

## હઝરત ઇલ્યાસ(અ.સ.) તવીલુલ ઉમ્ર નબી:

હઝરત ઇલ્યાસ(અ.સ.) હજી સુધી જીવતા છે અને દર વરસે મરાસિમે હજમાં શિરકત કરે છે. અલ્લામા મજલીસી (ર.અ.)એ પોતાની અમૂલ્ય કિતાબ હયાતુલ કોલુબમાં ત્રણ હદીસો એવી લખી છે જેનાથી સ્પષ્ટ રીતે જાહેર થાય છે કે હઝરત ઇલ્યાસ(અ.સ.)ને લાંબી ઉમ્ર મળી છે. એક હદીસમાં ઇમામ મોહમ્મદ તકી(અ.સ.)થી વર્ણન થયુ છે અને આપે તેને ઇમામ સાદિક(અ.સ.)ના હવાલાથી વર્ણન કર્યુ છે અને ઇમામ સાદિક(અ.સ.)એ પોતાના વાલિદે બુઝુર્ગવાર હઝરત ઇમામ મોહમ્મદ બાકિર(અ.સ.)ના એક બનાવને વર્ણન કર્યો છે કે આપે અને ખુદ ઇમામ સાદિક(અ.સ.)એ સફાના પર્વતની તળેટીમાં એક મકાનમાં હઝરત ઇલ્યાસ(અ.સ.) સાથે મુલાકાત કરી.

આ હદીસમાં હઝરત ઇલ્યાસ(અ.સ.) અને હઝરત

ઇમામ મોહમ્મદ બાકિર(અ.સ.)ની વચ્ચે એક વાર્તાલાપ છે. જેમાં અલ્લાહનુ ઇલ્મ, અંબિયાનુ ઇલ્મ અને અંબિયાના અવસીયાના ઇલ્મના બારામાં પ્રકાશ ફેંકવામાં આવ્યો છે. હદીસના આખરી હિસ્સામાં ઇમામ બાકિર(અ.સ.) હઝરત ઇલ્યાસ(અ.સ.)ને ફરમાવે છેઃ

*અમે પણ (રસુલે ખુદા(સ.અ.વ.)ની જેમ) પોતાના ઇલ્મને જાહેર નથી કરતા કારણ કે અમે જાણીએ છીએ કે લોકો અમારી ઇતાઅત નહી કરશે અને અમને ખુદાની તરફથી હુકમ નથી કે અમે તેઓ સાથે જેહાદ કરીએ. હું ચાહુ છુ કે એ સમય તમે તમારી આંખોથી જુઓ કે જ્યારે ઉમ્મતના મહદી જાહેર થાય અને મલાએકા તલવારોથી આલે દાઉદને કત્લ કરે અને હવામાં અગાઉના કાફિરોને અઝાબ કરે અને તેઓની જેવા વિચારો રાખવાવાળા લોકોની રૂહોને તેમના મોઢા અને દાંતોથી મેળવે. પછી એ શખ્સ (ઇલ્યાસ અ.સ.)એ પોતાની તલવાર કાઢી અને કહ્યુ કે આ તલવાર પણ એ તલવારોમાંથી છે. (જેનાથી એ કાફીરોથી જેહાદ કરવામાં આવશે) અને હું પણ એ હઝરતના અન્સારોમાંથી હોઇશુ*

(હયાતુલ કોલુબ (ઉર્દુ), ભાગઃ ૧, પાના નં. ૫૬૪-૫૬૫, બાબઃ ૧૬, ઇમામ મોહમ્મદ તકી(અ.સ.)ની હદીસ નીચે)

આવી જ રીતે અલ્લામા મજલીસી(ર.અ.)એ તફસીરે ઇમામ હસન અસ્કરી(અ.સ.)ના હવાલાથી વર્ણન કર્યુ છે કે રસુલે ખુદા(સ.અ.વ.)એ ઝૈદ બીન અરકમને ફરમાવ્યુઃ

*......જનાબે ખિઝ્ર(અ.સ.) અને ઇલ્યાસ(અ.સ.) દરેક હજના સમયમાં દર વખતે એક બીજાથી મુલાકાત કરે છે......*

(હયાતુલ કોલુબ, ૧/૫૬૬)

## યાદીઃ

આ બંને રિવાયતોથી જાહેર છે કે હઝરત ઇલ્યાસ (અ.સ.) માત્ર હજી સુધી જીવતા છે એટલુ જ નથી પરંતુ ઇમામ મહદી(અ.સ.)ના ઝુહુરનો ઇન્તેઝાર કરી રહ્યા છે અને અલ્લાહના દુશ્મનોથી જંગ કરશે.

લાંબી ઉમ્ર સામાન્યતઃ નથી તો અશક્ય પણ નથી.

## હઝરત ઇસા(અ.સ.) તવીલુલ ઉમ્ર નબીઃ

હઝરત ઇસા(અ.સ.) આજ સુધી જીવતા હોવામાં તમામ મુસલમાનો એકમત છે અને તમામ મુસલમાન આ પણ અકીદો રાખે છે કે હઝરત ઇસા(અ.સ.) ઇમામ મહદી (અ.સ.)ના ઝુહુર સમયે આસ્માનથી નાઝિલ થશે અને ઇમામ મહદી(અ.સ.)ની પૈરવીમાં નમાઝ પઢશે. અલ-મુન્તઝરના જુદા જુદા અંકોમાં આ પ્રકરણને લગતી બેશુમાર હદીસો અત્યાર સુધીમાં વર્ણન થઇ ચુકી છે.

યહુદી અને ઇસાઇ આ વાત પર એકમત થયા કે ઇસા (અ.સ.) કત્લ થઇ ગયા. પરંતુ ખુદાવંદે અઝ્ઝ વ જલ્લએ તેઓને જુઠલાવ્યા અને ફરમાવ્યુઃ

*''વ મા કતલુહો વ મા સલબુહો વલાકિન શુબ્બેહ લહુમ''*

*''અને ન તો તેમને કત્લ કર્યા અને ન તો સુળી પર ચઢાવ્યા પરંતુ તેઓને શંકામાં નાખી દીધા''*

(સુરએ નિસા(૪), આયતઃ૧૫૭)

જાણે કે અલ્લાહે ઠપકો આપતા કહ્યુ છે કે ઇમામ મહદી (અ.સ.)ની તુલે ઉમ્રનો ઇન્કાર કરવાવાળાઓ તમે મારી જીવતી જાગતી નિશાનીનો પણ ઇન્કાર કરી રહ્યા છો. હઝરત ઇસા(અ.સ.)ની ઉમ્ર ૨૦૦૦ વરસને વટાવી ચૂકી છે.

તુલે ઉમ્ર સામાન્યતઃ નથી તો અશક્ય પણ નથી.

## હઝરત આદમ(અ.સ.) તવીલુલ ઉમ્ર નબીઃ

શૈખ સદુક(ર.અ.)એ કમાલુદ્દીનમાં સય્યદુલ આબેદીન વ સય્યદુસ્સાજેદીન ઇમામ અલી ઇબ્નુલ હુસૈન(અ.સ.)થી વર્ણન કર્યુ છે કે આપ(અ.સ.)એ ફરમાવ્યુઃ

*ફીલ કાએમે મીન્ના સોનનીલ અંબિયાએ....... ફ અમ્મા મીન આદમ વ નૂહુન ફ તુલુલ ઉમ્રે........*

*''અમારા કાએમમાં અંબિયાની સુન્નતો હશે...... અને જ્યાં સુધી આદમ(અ.સ.) અને નૂહ(અ.સ.)ની સુન્નતનો સવાલ છે તો તે લાંબી ઉમ્ર છે''*

(કમાલુદ્દીન, ૧/૩૨૨, બાબઃ ૩૧, હદીસઃ ૩)

અમે અહીં પ્રથમ હઝરત આદમ(અ.સ.)નો ઉલ્લેખ

કરીશુ.

મર્હુમ અલ્લામા મજલીસીએ હયાતુલ કોલુબમાં હઝરત આદમ(અ.સ.)ની વફાત, આપની ઉમ્ર મુબારક, દફન સ્થળ અને તેમના ફરઝંદ હઝરત શીશ(અ.સ.) (હેબતુલ્લાહ) થી વસીય્યતોના સંદર્ભમાં ઘણી હદીસો વર્ણન કરી છે.

ઈમામ સાદિક(અ.સ.)થી મનકુલ છેઃ

*હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યુ કે આદમ (અ.સ.)ની ઉમ્ર શરીફ ૯૨૯ વર્ષ થઈ*

(હયાતુલ કોલુબ (ઉર્દુ), ૧/૧૪૬,૧૪૭)

સય્યદ ઈબ્ને તાઉસ(ર.અ.)એ ઈદરીસ(અ.સ.)ના સહીફાના હવાલાથી લખ્યુ છે કે આદમ(અ.સ.) ૧૦ દિવસ તાવમાં રહ્યા. તેમની વફાત જુમ્આના દિવસે ૧૫ મી મોહર્રમના થઈ અને અબુ કુબૈસના પહાડની ગુફામાં દફન થયા. તેમની ઉમ્ર એ દિવસથી કે જે દિવસે તેમના શરીરમાં રૂહ દાખલ થઈ વફાતના દિવસ સુધી ૧૦૩૦ વરસ હતી. એમની વફાતના ૧ વરસ અને ૧૫ દિવસ પછી હવ્વા(અ.સ.) બિમાર થયા અને આદમ(અ.સ.)ની બાજુમાં દફન થયા.

સય્યદ ઈબ્ને તાઉસનુ બયાન છે કે મેં તૌરેતના ત્રીજા સફરમાં જોયુ કે આદમ(અ.સ.)ની ઉમ્ર ૯૩૦ વરસ હતી અને આ જ મુદ્દત મોહમ્મદ ઈબ્ને ખાલિદ બર્કીએ કિતાબ ''બીદાઅન બય્ન બ રિવાયતે હઝરત સાદિક(અ.સ.)'' બયાન કરી છે.

(હયાતુલ કોલુબ (ઉર્દુ), ૧/૧૪૬,૧૪૭)

## હઝરત આદમ(અ.સ.) મક્કામાં કે નજફમાં?

ઈમામ સાદિક(અ.સ.)એ ફરમાવ્યુઃ

*હઝરત નૂહ(અ.સ.) જ્યારે કશ્તીમાં હતા તો ખુદાએ તેમને વહી મોકલી કે ખાનએ કાબાની ફરતે સાત વખત તવાફ કરો. જ્યારે તવાફ કરી ચુકયા અને કશ્તીમાંથી નીચે આવ્યા તે સમયે પાણી તેમના ગોઠણો સુધી હતુ. પછી ઝમીનમાંથી એક તાબુત કાઢ્યુ જેમાં હઝરત આદમ(અ.સ.)ની હડ્ડીઓ હતી તેને કશ્તીમાં દાખલ કર્યા અને કાબાની ફરતે ઘણા તવાફ કર્યા પછી કશ્તી રવાના થઈ અને કુફા પહોંચી. તો ખુદાએ ઝમીનને હુકમ દીધો કે પોતાના પાણીને અંદર ખેંચી લે જેવી રીતે કે તેની શરૂઆત મસ્જીદથી થઈ હતી. પછી નૂહ(અ.સ.)એ તાબુતને નજફે અશ્રફમાં દફન કર્યા*

(હયાતુલ કોલુબ (ઉર્દુ), ભાગઃ ૧, પાના નં. ૧૪૬ (હઝરત આદમ(અ.સ.) અને હઝરત નૂહ(અ.સ.)ની દરમિયાન ૧૫૦૦ વરસનો ફાંસલો હતો)

અલ્લામા મજલીસી(ર.અ.) ફરમાવે છે કે હદીસોથી સાબિત છે કે હઝરત આદમ(અ.સ.) અને હઝરત નૂહ (અ.સ.) નજફે અશ્રફમાં દફન છે. આથી જે હદીસોમાં આદમ(અ.સ.)નુ મક્કામાં દફન થયા હોવાનો ઝિક્ર છે અને જે હદીસોમાં નજફે અશ્રફમાં, તો તે એના પર આધારિત છે કે પ્રથમ મક્કામાં દફન થયા અને પછી નજફમાં.

**ખુલાસોઃ**

હઝરત આદમ(અ.સ.)ની ઉમ્ર ૯૦૦ વરસથી વધારે હતી અને એજ રીતે જનાબે હવ્વાની ઉમ્ર પણ લગભગ એટલી જ હતી.

લાંબી ઉમ્ર સામાન્યતઃ નથી તો અશક્ય પણ નથી.

## હઝરત શીશ(અ.સ.) તવીલુલ ઉમ્ર નબીઃ

હઝરત ઈમામ હસન(અ.સ.) એ ફરમાવ્યુઃ

*હઝરત આદમ(અ.સ.) પછી જે શખ્સ સૌ પ્રથમ મબઉસ થયા તે હઝરત શીશ(અ.સ.) હતા. તેમની ઉમ્ર ૧૦૦૦ વરસની હતી.*

(હયાતુલ કોલુબ, ૧/૧૪૭)

અલ્લામા મજલીસી(ર.અ.) ફરમાવે છે કે મોટા ભાગના ઈતિહાસકારોએ બયાન કર્યુ છે કે જનાબે આદમ(અ.સ.)ની ઉમ્ર ૨૩૫ વરસની થઈ તો હઝરત શીશ(અ.સ.) પૈદા થયા અને તેમની ઉમ્ર ૯૧૨ વર્ષ હતી.

(હયાતુલ કોલુબ, ૧/૧૪૭)

તુલે ઉમ્ર સામાન્યતઃ નથી તો અશક્ય પણ નથી.

## હઝરત નૂહ(અ.સ.) લાંબી ઉમ્રવાળા નબીઃ

હઝરત નૂહ(અ.સ.)ને શૈખુલ અંબિયા કેહવામાં આવે છે. ઈમામ સાદિક(અ.સ.) અને ઈમામ હાદી(અ.સ.)થી રિવાયત છે કે હઝરત નૂહ(અ.સ.)ની ઉમ્ર ૨૫૦૦ વર્ષ હતી.

હઝરત કાએમ(અ.સ.) ખાતેમુલ અવસિયા છે અને શીઆ રિવાયતો પ્રમાણે આપની વિલાદત ૧૫ મી શાબાન હિ.સ. ૨૫૫ માં થઇ. આ પ્રમાણે ૧૫ શાબાન હિ.સ. ૧૪૩૬ માં આપની ઉમ્ર મુબારક ૧૧૮૧ વરસ થઇ અને આ ઉમ્ર હજુ હઝરત નૂહ(અ.સ.)ની ઉમ્રની અડધી પણ નથી થઇ.

કુર્આને મજીદે હઝરત નૂહ(અ.સ.)ની તબ્લીગે હિદાયતની ઉમ્રને ૯૫૦ વરસ બયાન કરી છે.

*વ લકદ અરસલ્ના નૂહન એલા કવ્મેહી ફ લબેસ ફીહીમ અલ્ફ સનતીન ઇલ્લા ખમ્સીન આમા ફ અખઝહોમત્તુફાનો વ હુમ ઝાલેમુન*

*"અને અમે નૂહ(અ.સ.)ને તેમની કૌમની તરફ મોકલ્યા પછી તેઓ તેમની વચ્ચે હજારમાં પચાસ વર્ષ ઓછા રહ્યા (૯૫૦ વર્ષ) અને હિદાયત કરતા રહ્યા અને જ્યારે કૌમે તેમનુ માન્યુ નહિ તો છેવટે તોફાને તેમને પકડી લીધા જ્યારે કે તેઓ ઝાલિમો હતા*

(સુરએ અન્કબુત, આયતઃ ૧૪)

આ આયતની પછીની આયતમાં છે

*ફ અન્જયનાહો વ અસ્હાબસ્સફીનતે*

*પછી અમે નૂહ(અ.સ.) અને હોડીમાં સવાર થયેલા લોકોને બચાવી લીધા.*

ઇમામ સાદિક(અ.સ.)થી મનકુલ છે કેઃ

*હઝરત નૂહ(અ.સ.)ની ઉમ્ર ૨૫૦૦ વર્ષની હતી. ૮૫૦ વર્ષ નબુવ્વત પર નિયુક્ત થયા પેહલા ૯૫૦ વર્ષ કૌમની હિદાયતનો ઝમાનો ૨૦૦ વર્ષ કશ્તીની તૈયારીમાં પસાર થયા અને ૫૦૦ વર્ષ તોફાન પછી જીવતા રહ્યા. જ્યારે પાણી ઝમીન પરથી સુકાઇ ગયુ તો શહેરોની બુનિયાદ નાખી અને પોતાની ઔલાદને તેમાં વસાવ્યા. જ્યારે બે હજાર પાંચસો વરસ પુરા થયા તો મલકુલ મૌત તેમની પાસે આવ્યા. આપ(અ.સ.) તડકામાં બેઠા હતા. કહ્યુઃ અસ્સલામો અલય્ક! હઝરત નૂહ(અ.સ.)એ સલામનો જવાબ દીધો અને પુછ્યુ! અય મલકુલ મૌત શા માટે આવ્યા છો? કહ્યુઃ રૂહ કબ્ઝ કરવા માટે અને આમ કહીને ઇજાઝત માંગી કે શું એટલી મોહલત આપી શકો છો કે આ તડકામાંથી છાયામાં આવી જાવ? કહ્યુઃ હા. પછી નૂહ(અ.સ.) છાયામાં આવ્યા અને ફરમાવ્યુઃ અય મલકુલ મૌત દુનિયામાં મારી જીંદગીની મુદ્દત તડકામાંથી છાયામાં આવવા જેવી હતી. હવે તમને જે કાંઇ હુકમ દેવામાં આવ્યો છે તેને બજાવી લાવો. મલકુલ મૌતે તેમની રૂહને કબ્ઝ કરી લીધી*

(હયાતુલ કોલુબ, ૧/૧૪૭)

## યાદીઃ

કુર્આનની ઉપરોક્ત આયત અને રિવાયતની રોશનીમાં એ વાત સ્પષ્ટ થઇ કે હઝરત નૂહ(અ.સ.) ૨૫૦૦ વરસ જીવતા રહ્યા.

તુલે ઉમ્ર સામાન્યતઃ નથી તો અશક્ય પણ નથી.

## નિદાએ ઇમામે અસ્ર(અ.સ.) દરખ્વાસ્ત તરીકેઃ

લેખના અંતમાં ઇમામે ઝમાના(અ.સ.)ના આ ફરમાન

*વ અકસેરૂદ્દુઆઅ બે તઅજીલીલ ફરજે ફ ઇન્ન ઝાલેક ફરજોકુમ*

ની તરફ ધ્યાન દોરવા ચાહીએ છીએ કે હઝરત પોતાના ચાહવાવાળાઓને ફરમાવી રહ્યા છે કે મારા ઝુહુરમાં જલ્દી થાય તેના માટે વધુમાં વધુ દુઆ કરો અને તેમાં જ તમારી ભલાઇ છે. શું હઝરતના આ ફરમાનનો આપણે હકારાત્મક જવાબ આપ્યો છે?

હકારાત્મક જવાબ આ છેઃ

¤ આપણે દરેક દસ્તરખ્વાન પર દુઆ વડે હઝરત (અ.સ.)ની નેઅમતનો હક અદા કરીએ.

¤ દરેક નમાઝના કુનુતમાં દુઆએ ફરજને જરૂર પઢીએ.

¤ દરેક નમાઝ પછી હઝરતની સલામતી અને ઝુહુરના માટે દુઆ કરીએ અને આના બારામાં મફાતિહુલ જીનાન, તોહફતુલ અવામ, વઝાએફુલ અબરાર અને અન્ય કિતાબોમાં બેશુમાર દુઆઓ મૌજુદ છે.

¤ ટૂંકામાં ટૂંકી દુઆઃ પરવરદિગાર! હઝરત બકીય્યતુલ્લાહના વુજુદે મસઉદને દરેક પ્રકારના ખતરાઓથી મેહફુઝ રાખ.

# તુલે ઉમ્રનો મસઅલો અને એહલે તસન્નુન

હઝરત વલીએ અસ્ર ઈમામ મહદી હુજ્જત ઈબ્નીલ હસન અસ્કરી(અ.સ.)ની લાંબી ઉમ્ર એક સમયથી ચર્ચાનો વિષય રહી છે. તશય્યોઅના દુશ્મનોની એ કોશિશ રહી છે કે આં હઝરત(અ.સ.)ની તુલે ઉમ્રનું બહાનુ બનાવીને મહદવીય્યતના અકીદાને રદ કરી દે અને તશય્યોઅની મશ્કરી કરે પરંતુઃ

*યોરીદુન લેયુત્ફેઉ નૂરલ્લાહે બેઅફ્વાહેહીમ વલ્લાહો મુતીમ્મો નૂરેહી વ લવ કરેહલ્ કાફેરૂન*

*તેઓ એ ઈરાદો રાખે છે કે અલ્લાહના નૂરને પોતાની ફુંકો વડે બુજાવી નાખે અને અલ્લાહ પોતાના નૂરને સંપૂર્ણ કરનાર છે. ભલેને પછી કાફિરોને અણગમતુ કેમ ન લાગે.*

જો કે લાંબી ઉમ્રથી આપણે ટેવાયેલા નથી પરંતુ કોઈ પણ સાચો અને સહીહ અકીદો રાખનાર મુસલમાને આના પર શક કરવો જોઈએ નહી. કારણ કે આ બાબત ખુદાવંદે કાદિર માટે શક્ય છે. ઈલાહી હુકમમાં તુલે ઉમ્ર પ્રચલિત છે અને ઝાતે હક પોતાની મસ્લેહતોના લીધે મખ્લુકાતની જીંદગીને લાંબી અથવા ટૂંકી કરી દે છે.

ફક્ત દીનના એ દુશ્મનો જે તમામ અસરોને પ્રાકૃતિક અને સિતારાઓની અસર બતાવે છે, તેઓ આ બાબત એટલે કે તુલે ઉમ્રને અશક્ય સમજે છે. પરંતુ અગર કોઈ કાદિરે મુત્લક ખાલિક પર અકીદો રાખે છે તે ક્યારેય આ પ્રકારના શક અને શંકામાં મુબ્તેલા થતો નથી. આથી વાતને અગર સમેટી લેવામાં આવે તો બે વાંધાઓ સામે આવે છે.

(અ) આ પ્રકારની લાંબી જીંદગી સામાન્ય રીતે અશક્ય છે.

(બ) અંબિયા(અ.મુ.સ.)ની સિવાય બીજા લોકોમાં આ પ્રકારની જીંદગી અશક્ય છે.

આ બંને વાંધાઓનો આપણે અહીં જવાબ દેવાની કોશિશ કરીશુ. બે અવ્નીલ્લાહે વ તવ્ફીકેહી

## મોઅમ્મેરીન (એટલે કે એ લોકો કે જેઓને લાંબી જીંદગી આપવામાં આવી છે)ના ઉદાહરણોઃ

તમામ મુસલમાનો સર્વાનુમતે આ વાતનો અકીદો ધરાવે છે કે ઉલુલ અઝમ પૈગમ્બર હઝરત નૂહ(અ.સ.) એક લાંબી જીંદગી ધરાવતા હતા અને તેઓએ પોતાની જીંદગીના ઓછામાં ઓછા ૯૫૦ વરસ તબ્લીગે દીનમાં પસાર કર્યા. આ વાતની ગવાહી ખુદ કિતાબે ખુદાએ આપી છે.

*વ લકદ અરસલ્ના નૂહન એલા કવ્મેહી ફ લબેસ ફી હીમ અલ્ફ સનતીન ઈલ્લા ખમ્સીન આમા....*

*અને બેશક અમે નૂહ(અ.સ.)ને તેની કૌમ તરફ મોકલ્યા. પછી તેઓએ તેમની વચ્ચે એક હજારમાં ૫૦ વરસ ઓછા જીંદગી પસાર કરી*

(સુરએ અન્કબુત, આયતઃ ૧૪)

તમામ ઓલમાએ શીઆ અને એહલે તસન્નુન એ વાત પર સહમત છે કે હઝરત ખિઝ્ર(અ.સ.) જે હઝરત નૂહ (અ.સ.)ની બીજી નસ્લમાંથી હતા અને કુર્આને કરીમની દાસ્તાન પ્રમાણે હઝરત મુસા બીન ઈમરાન(અ.સ.)ના હમનશીન હતા અને આજ સુધી હયાત છે.

ઉપરોક્ત બે ઉદાહરણો આપણી વાતને સાબિત કરવા માટે પુરતા છે અને એ સર્વાનુમત બાબતમાંથી છે કે જેના વિશે મુસલમાન ક્યારેય શક નથી કરી શકતા.

ઈતિહાસકારો એક મત છે કે હઝરત લુકમાન(અ.સ.) પણ લાંબી ઉમ્ર ધરાવતા હતા.

અસંખ્ય રિવાયતો અને હદીસોએ પૈગમ્બરે અકરમ(સ.અ.વ.)ના જલીલુલ કદ્ર સહાબી જનાબ સલમાને મોહમ્મદી(ર.અ.)ની લાંબી ઉમ્રનો પણ ઝિક્ર કર્યો છે. અમુકે ત્યાં સુધી લખી દીધુ છે કે તેઓ હઝરત ઈસા(અ.સ.)ના

ઝમાનાથી મૌજુદ હતા અને ઉમર બીન ખત્તાબની હુકુમતના સમયમાં ઇન્તેકાલ થયો.

મોહદ્દીસે જલીલુલ કદ્ર શૈખ મોહમ્મદ ઇબ્ને અલી ઇબ્નુલ હુસૈન ઇબ્ને બાબવય્હ કુમ્મી(ર.અ.) જે સદુકના લકબથી પ્રખ્યાત છે, પોતાની કિતાબ કમાલુદ્દીન વ તમામુન્નેઅમતમાં મોટી ઉમ્રવાળા વિશે એક રસપ્રદ વાત લખી છે. આપ લખે છે કે મોઅમ્મેરૂનના વિશે જે ખબરો આપણા સુધી પોંહચી છે તે આપણા માટે ઇમામે ઝમાના(અ.સ.)ની ગૈબતની દલીલ નથી. કારણ કે ગૈબત આપણા માટે પૈગમ્બર (સ.અ.વ.) અને અઇમ્મએ માસુમીન(અ.મુ.સ.)ની રિવાયતો થકી સાબિત છે અને રિવાયતો આપણા માટે એવી રીતે ભરોસાને પાત્ર છે જેવી રીતે ઇસ્લામના ઉસુલો અને શરીઅત અને એહકામની હદીસો. બેશક આ રિવાયતો આપણા માટે મોઅમ્મેરીનની ખબરોથી વધારે ભરોસાપાત્ર અને સનદને પાત્ર છે. આ કિતાબમાં આ પ્રકારની ખબરોને વર્ણવવાનુ બીજુ કારણ એ છે કે આ પ્રકારની ખબરોને વાંચવાનો શૌખ બધાને હોય છે. ચાહે તે સહમત હોય કે વિરોધી અને જ્યારે તેઓ આ ખબરોને વાંચશે તો શક્ય છે કે તે આ કિતાબના અન્ય વિષયોનો પણ અભ્યાસ કરી લેય અને તેનાથી માહિતગાર થઇ જાય. બીજી વાત જે મોઅમ્મેરીનના બારામાં મહત્વ રાખે છે તે એ છે કે અરબોમાં એ આદત હતી કે વંશ અને ખાનદાન લખવામાં તેઓ ખુબ જ ચોક્કસાઇ પૂર્વક કામ કરતા હતા અને એ લોકો જેઓના નામ મોઅમ્મેરીનની યાદીમાં આવ્યા છે તેઓના નામોની સાથો સાથ તેઓના બાપ-દાદાઓના નામનો પણ ઉલ્લેખ છે. તેથી તેઓમાંથી કોઇ પણ કાલ્પનિક નથી પરંતુ હકીકતો પર આધારિત છે.

મોહદ્દીસો અને એ લોકો કે જેઓની રિવાયત હુજ્જત છે (વિવિધ ફિરકાઓ અને જુદી જુદી માન્યતાઓથી સંબંધિત લોકો) એ મોઅમ્મેરીનની ખબરોને વર્ણવી છે અને તેઓના બારામાં ખબરો ઉપરાંત અશઆર પણ વર્ણન કર્યા છે.

મશહુર મોહદ્દીસ, ફકીહ અને મોતકલ્લીમ અબુ સાલેહ હલબી (હિ.સ. ૩૭૪ થી ૪૪૭) એ પોતાની કિતાબ 'તકરીબુલ મઆરિફ' માં મોઅમ્મરોનો ઉલ્લેખ કર્યો છે. આમ તો તેમણે અસંખ્ય મોઅમ્મરોનો ઉલ્લેખ કર્યા છે પરંતુ ટૂંકાણને ધ્યાનમાં રાખીને અહીં અમુકનો ઉલ્લેખ કરશું જે વાંચકોને વધારે અભ્યાસનો શૌખ છે, તેઓ ઉપરોક્ત કિતાબનો અભ્યાસ કરી શકે છે.

### અમ્ર ઇબ્ને હમહમા અદુસીઃ

૪૦૦ વરસ જીવતો રહ્યો. તે પોતે પોતાના વિશે કહે છે હું બુઢો થઇ ચુક્યો છું અને મારી ઉમ્ર લાંબી થઇ છે જાણે હું એવા શખ્સ જેવો છું જેને સાપે ડંસ માર્યો હોય અને તેની રાત ખત્મ જ નથી થઇ રહી હોય. મૌતે મને નાબુદ નથી કર્યો પરંતુ ગરમી અને વસંતના કેટલાય વર્ષો મેં જોઇ લીધા છે. ૩૦૦ વરસ તો પસાર થઇ ચુક્યા છે અને હું ઉમ્મીદ રાખુ છું કે ૪૦૦ વરસ પણ પસાર થઇ જશે.

(અલ મોઅમ્મરૂન વલ વસાયા, અબુ હાકિમ સેજીસ્તાની, પાના નં. ૫૮, કન્ઝુલ ફવાએદ, પાના નં. ૨૯૫)

### મુસ્તવગર જેનુ અસલી નામ અમ્ર ઇબ્ને રબીઆ ઇબ્ને કઅબ ઇબ્ને સઅદ ઇબ્ને ઝૈદ ઇબ્ને મનાત ઇબ્ને તમીમ ઇબ્ને મર્રા ઇબ્ને અદ્દા ઇબ્ને તલ્હા ઇબ્ને ઇલ્યાસ ઇબ્ને મઝર

તે ૩૦૦ વરસ જીવતો રહ્યો અને ઘણા બધા અશઆર કહ્યા.

(અલ મોઅમ્મરૂન વલ વસાયા, પાના નં. ૧૨-૧૪)

### ઝોહૈર ઇબ્ને જનાબ

તે ૨૦૦ વરસ જીવતો રહ્યો. તેણે અશઆર કહ્યા છે, જેનો વિષય આ છે ''ચોક્કસ મારી ઉમ્ર ઘણી બધી થઇ ચુકી છે. હવે મને પરવા નથી કે સવાર થાય છે કે રાત. જીંદગીના ૨૦૦ વરસ પુરા કરીને ખરેખર હું થાકી ગયો છું. હવે જીવવાની બિલ્કુલ તમન્ના નથી.

(અલ મોઅમ્મરૂન વલ વસાયા, પાના નં. ૩૪)

### ઝુલ્અસ્બગ અદવાની

તે એક ફસીહ શાએર હતો અને અરબના હોકમામાં તેની ગણતરી થતી. અબુ હાતિમની રિવાયત મુજબ તેની ઉમ્ર ૩૦૦ વરસની હતી અને તેનાથી ખુબસુરત અશઆર વર્ણવ્યા છે.

(આમાલી, સય્યદ મુર્તઝા(ર.અ.), ભાગઃ ૧, પાના નં. ૨૪૪ થી ૨૫૧)

## રબીઅ ઇબ્ને ઝબગ ફઝારી

તે પણ મોઅમ્મેરીનમાંથી એક હતો. કેહવાય છે કે એક દિવસ તે અબ્દુલ મલિક બીન મરવાન પાસે આવ્યો. અબ્દુલ મલિકઃ અય રબીઅ! મને કહો કે તમારી ઉમ્ર કેટલી છે અને તમે પોતાની આ લાંબી ઉમ્રમાં કઇ કઇ ચીજોનો મુશાહેદો કર્યો?

રબીઅઃ મેં મારા બારામાં આ શેર કહ્યો છેઃ હું એજ છું જેણે હંમેશની જીંદગીની ઉમ્મીદ કરી છે. બેશક મારી અક્લ સલામત છે અને હું હજરમાં પૈદા થયો છું (હજર એ યમામા શહેરનુ નામ છે અને બની અકીલમાં એક મહોલ્લાનુ નામ છે)

અબ્દુલ મલિકઃ મેં બચપણમાં આ શેર સાંભળ્યો હતો. અય રબીઅ તુ ખુબ જ ખુશ કિસ્મત છે. તારી જીંદગીની વિગતો મારા માટે બયાન કર.

રબીઅઃ મેં ૨૦૦ વરસ ફતરાના ઝમાનામાં પસાર કર્યા છે. (ફતરા એટલે હઝરત ઇસા(અ.સ.) અને પૈગમ્બરે અકરમ(સ.અ.વ.)ની દરમિયાનનો ઝમાનો) એકસો વીસ વરસ જાહેલીય્યતમાં પસાર કર્યા અને ૬૦ વરસ ઇસ્લામમાં જીંદગી વીતાવી.

(કમાલુદ્દીન, ૨/૫૪૯-૫૫૦, અલ આમાલી સય્યદ મુર્તઝા, ભાગઃ ૧, પાના નં. ૨૫૩-૨૫૫)

## અબ્દુલ મસીહ ઇબ્ને બકીલા

તેની ઉમ્ર ૩૫૦ વર્ષ હતી. તેણે ઇસ્લામનો ઝમાનો પામ્યો પરંતુ ઇસ્લામ કબુલ કર્યો નહિ અને ખ્રિસ્તી મઝહબ પર બાકી રહ્યો.

(અલ આમાલી સય્યદ મુર્તઝા, ભાગઃ ૧, પાના નં. ૨૬૦-૨૬૨)

## અકસમ ઇબ્ને સૈફી અસદી

તેણે ૩૩૦ વરસ જીંદગી પસાર કરી અને પૈગમ્બરે અકરમ(સ.અ.વ.)નો ઝમાનો પામ્યા. આં હઝરત (સ.)ને જોયા પેહલા જ તેમના પર ઇમાન લાવ્યો હતો. તેનાથી ઘણી બધી હદીસો અને હિકમતવાળી વાતો વર્ણન થઇ છે.

(અલ મોઅમ્મરૂન, પાના નં. ૧૪-૨૫)

## સૈફી ઇબ્ને રબાહ

તેની ઉમ્ર ૨૭૦ વર્ષ હતી અને અંતિમ શ્વાસ સુધી તેની અકલ એવી જ સહીહ અને સલામત રહી.

(અલ મોઅમ્મરૂન, પાના નં. ૧૪૬)

## ઝબીરા ઇબ્ને સઅદ ઇબ્ને સહમ ઇબ્ને અમ્ર

તેણે ૨૨૦ વરસ જીંદગી વીતાવી પરંતુ ઘડપણ નહોતુ આવ્યુ.

(અલ મોઅમ્મરૂન, પાના નં. ૨૫)

## હારિસ ઇબ્ને મુઝલઝ જરહમી

તેની ઉમ્ર ૪૦૦ વરસની હતી અને તેણે ઇસ્લામનો ઝમાનો જોયો પરંતુ મુસલમાન થયો નહિ. જંગે હુનૈનમાં જહન્નમ વાસિલ થયો.

(અલ મોઅમ્મરૂન, પાના નં. ૮)

## ખુલાસોઃ

એ લોકો કે જેમનો ઝિક્ર આ લેખમાં થયો છે એ લોકો માટે કે જેઓ જ્ઞાનોથી જાણકાર છે, અજાણ્યા નથી. એ વાતની તરફ તવજ્જો દેવી જરૂરી છે કે એ શખ્સોમાં ઇલાહી અંબિયા, કાફિરો, મુશ્રીકો, એહલે કિતાબ અને ખુલ્લાહ ગુનેહગારો છે. આથી એ લોકો કે જેઓ એ અકીદો રાખે છે કે ઇમામની લાંબી ઉમ્ર એક અસાધારણ ચીજ છે અને અસાધારણ બાબત ફક્ત અને ફક્ત અંબિયા(અ.મુ.સ.) સુધી સીમીત છે. તેઓનો અકીદો પાયા વગરનો છે. કારણ કે ઉપરોક્ત યાદીમાં નેક અને બુરા બંને પ્રકારના લોકો શામીલ છે. આમ છતા આપણે કહી ચુક્યા છીએ કે કોઇ પણ મુસલમાન ક્યારેય પણ પરવરદિગારની કુદરત પર શક કરી જ શકતો નથી અને અલ્લાહ જેને ચાહે તેને લાંબી ઉમ્ર આપી શકે છે અને જેને ચાહે તેને માના પેટમાં મૌત આપી દે છે.

***બલ મત્તઅના હા ઓલાએ વ આબાઅહુમ અત્તા તાલ અલય્હેમુલ ઉમોરો***

***બલ્કે અમે તેઓને અને તેઓના બાપ-દાદાઓને દુનિયાની થોડીક લઝ્ઝત આપી દીધી. ત્યાં સુધી કે તેઓની ઉમ્ર લાંબી થઇ ગઇ***

(સુરએ અંબિયા, આયતઃ ૪૪)

*"યા અય્યોહન્નાસો ઇન કુન્તુમ ફી રય્બીમ મેનલ બઅસે ફ ઈન્ના ખલકના કુમ મીન તુરાબીન સુમ્મ મીન નુત્ફતીન સુમ્મ મીન અલકતીન સુમ્મ મીન મુઝગતીન મુખલ્લતીન વ ગય્ર મુખલ્લકતીન લે નો બય્યેન લકુમ ન નોકીર્રો ફીલ અરહામે મા નશાઓ એલા અજલીમ્મોસમ્મા સુમ્મ નુખરેજોકુમ તીફલન સુમ્મ લે તબ્લોગુ અશુદ્દકુમ વ મીન્કુમ મન યુતવફ્ફા વ મીન્કુમ મન યુરદ્દો એલા અરઝલીલ ઉમોરે લે કયલા યઅલમ મીન બઅદે ઈલ્મીન શય્આ વ તરલ અર્ઝ હામેદતીન ફ એઝા અન્ઝલના અલય્હલ માઅ ઈહતઝ્ઝત વ રબત વ અમ્બતત મીન કુલ્લે ઝવ્જીન બહીજ"*

*"અય લોકો અગર તમને ફરીવાર ઉઠાવવાના બારામાં શંકા છે તો એ સમજી લ્યો કે અમે જ તમને માટીમાંથી પૈદા કર્યા છે. પછી નુત્ફાથી, પછી જામી ગયેલા લોહીથી, પછી ગોશતનાં લોથડાથી જેમાંથી કોઇ સંપૂર્ણ થઇ જાય છે અને અમુક ખામીવાળા જ રહી જાય છે. જેથી અમે તમારી ઉપર અમારી કુદરતને સ્પષ્ટ કરી દઇએ. અમે જે ચીજને જ્યાં સુધી ચાહીએ છીએ પેટમાં રાખીએ છીએ અને ત્યાર પછી તમને બાળક બનાવીને બહાર લાવીએ છીએ. પછી જીવતા રાખીએ છીએ જેથી જવાનીની ઉમ્ર સુધી પહોંચી જાવ. પછી તમારામાંથી અમુક ઉઠાવી લેવામાં આવે છે અને અમુકને પસ્ત ઉમ્ર સુધી બાકી રાખવામાં આવે છે. જેથી ઇલ્મના બાદ ફરી કાંઇ જાણવાને લાયક ન રહો અને તમે ઝમીનને મુર્દા જુઓ છો પછી અમે જ્યારે પાણી વરસાવી દઇએ છીએ તો તે લીલીછમ થઇ જાય છે અને દરેક પ્રકારની ખુબસુરત ચીજ ઉગવા લાગે છે"*

(સુરએ હજ, આયતઃ ૫)

*"વ મા યોઅમ્મરો મીન મોઅમ્મેરીન વલા યુન્કસો મીન ઓમોરેહી ઈલ્લા ફી કિતાબીન ઈન્ન ઝાલેક અલલ્લાહે યસીર"*

*"અને કોઇ પણ લાંબી ઉમ્રવાળાને જે ઉમ્ર દેવામાં આવી છે અથવા ઉમ્રમાં કમી કરવામાં આવે છે, આ બધુ ઈલાહી કિતાબમાં લખેલુ છે અને અલ્લાહ માટે આ બધુ કામ બહુજ આસાન છે"*

(સુરએ ફાતીર, આયતઃ ૧૧)

જીંદગીની મુદ્દતને પણ અલ્લાહે પોતાની તરફ સંબંધિત કરી છે. આ એ કાર્ય છે જે પરવરદિગાર પોતાના ઇખ્તિયાર અને હિકમતથી અંજામ આપે છે. તેના ઇખ્તિયાર અને હિકમત પર શક કરવાવાળો માત્ર ઇસ્લામના વર્તુળની બહાર નથી બલ્કે ઇન્સાનીય્યતથી પણ વંચિત છે. ખાસ કરીને અગર તમે સુરએ ફાતિરની આયત ઉપર વિચાર કરો તો રબ્બુલ ઇઝ્ઝતે આ સ્પષ્ટ કરી દીધુ છે કે કોઇની ઉમ્રને લાંબી કરવી અલ્લાહ માટે ખુબ જ સહેલુ છે. આથી શકની કોઇ જગ્યા નથી.

એહલે તસન્નુનના મશ્હૂર આલિમ સિબ્તે ઇબ્ને જવ્ઝી પોતાની કિતાબ તઝ્કેરતુલ ખવાસમાં પેજ-૩૭૭ પર લખે છે:

"તમામ શીઆ એ વાતની માન્યતા ધરાવે છે કે અલ-ખલફુલ હુજ્જત હયાત છે, જીવતા છે અને પોતાની રોજી પોતાના પરવરદિગાર પાસેથી મેળવી રહ્યા છે. તેઓ પોતાના આ અકીદાને સાબિત કરવા માટે અમૂક દલીલો પેશ કરે છે, જેમાંથી અમૂક આ મૂજબ છેઃ

અસંખ્ય લોકો જેમકે ખિઝ્ર (અ.સ.) અને ઈલ્યાસ (અ.સ.)ને લાંબી ઉમ્ર અતા કરવામાં આવી છે અને કોઇ તેની અસ્લી ઉમ્રથી વાકિફ નથી. તૌરેતમાં એ પણ લખેલુ છે કે ઝુલ્કરનૈન(અ.સ.)ની ઉમ્ર ૩૦૦૦ વર્ષ હતી, પરંતુ મુસલમાનોનો અકીદો છે કે તેમની ઉમ્ર ૧૫૦૦ વર્ષ હતી..."

હાફિઝ ગન્જી શાફઇએ ઇમામ(અ.સ.)ની તૂલે ઉમ્રની સ્પષ્ટતાઃ હઝરત ઇસા(અ.સ.), હઝરત ખિઝ્ર(અ.સ.) અને હઝરત ઇલ્યાસ(અ.સ.)ની લાંબી ઉમ્રથી કરી છે. આ ઉપરાંત તેમણે દજ્જાલ અને ઇબ્લીસની લાંબી ઉમ્રને પણ દલીલ તરીકે ગણાવી છે. અને પોતાની વાતને સાબિત કરવા માટે તેઓ સેહાહે સિત્તામાંથી રિવાયત વર્ણવે છેઃ

(અલ બયાન ફી અખ્બારે સાહેબિઝ્ઝમાન, પાના-૨૫)

અગર આપણે તૌરેતનો અભ્યાસ કરીએ તો કિતાબ ખિલ્કતનું પાંચમું પ્રકરણ આયત ૫, ૧૧, ૧૪, ૧૭, ૨૦, ૨૩, ૨૭ અને ૩૧માં ઘણા બધા લોકોની લાંબી ઉમ્રનો ઉલ્લેખ છે.

આ અનુસંધાનમાં યોગ્ય છે કે મશ્હુર આલિમે દીન સૈયદ

**અનુસંધાન પાના નં. ૨૩ ઉપર ...**

# વૈજ્ઞાનિક દ્રષ્ટિએ લાંબી ઉમ્ર

**પ્રસ્તાવનાઃ**

આ આપણું સંપૂર્ણ યકીન છે કે આ સમયે આ ઝમીન પર ઇમામે ઝમાના(અ.સ.) અલ્લાહની હુજ્જત છે. આ પણ આપણું યકીન છે કે અલ્લાહે પોતાના ફઝ્લ અને લા ઝવાલ રહેમ થકી તેમને લાંબી જીંદગી અતા કરી છે. જે લોકો ઇમાન નથી રાખતા તેઓ તેના વિશે સવાલ કરે છે અને કહે છે કે આવુ યકીન બિન વૈજ્ઞાનિક છે.

આ લેખનો હેતુ એ નથી કે બિન વિવાદાસ્પદ તરીકાથી વાંચકોના માટે વૈજ્ઞાનિક પરિણામો થકી ઇમામે અસ્ર(અ.સ.)ની લાંબી ઉમ્રને યોગ્ય ઠેરવવી, બલ્કે માનનીય વાંચકોના દિમાગમાં જોવા મળતા લાંબી ઉમ્ર વિશેના ખયાલને સ્પષ્ટ કરવાની નાની એવી કોશિશ છે. તેઓને આ મળતી આવતી માન્યતાઓથી આગાહ કરવાની કોશિશ છે, જે આજના વૈજ્ઞાનિક સમયમાં વિજ્ઞાનની જુદી જુદી શાખાઓની સાથે સ્પષ્ટ છે અને તેને કહેવામાં આવે કે ઇમામે અસ્ર(અ.સ.)ની લાંબી ઉમ્ર લોજીકની રીતે શક્ય છે અને વૈજ્ઞાનિક શક્યતાઓના વર્તુળમાં છે.

આજે વિજ્ઞાન સામાન્ય છે. જો કે ખુબ જ ઝડપ પૂર્વક તરક્કી કરી રહ્યુ છે અને પોતાની અસરોના વર્તુળમાં એક નાનકડુ ધ્યાન (Observation) રાખે છે અને તે માનવ શરીરના જાહેરી હિસ્સા છે અને તે પણ ફક્ત એક ઇન્સાની સિસ્ટમ છે જે અનુભવ પ્રમાણે સંશોધન થાય છે અને લખવામાં આવે છે. તેમાં પણ વૈજ્ઞાનિકોને માનવ શરીર તંત્રમાં ભૂલચૂકનો ડર છે. તેઓ તેનો અંદાજો લગાવવા અને માપના સિસ્ટમની ભૂલચૂકને દૂર કરવામાં ટુંકા પડે છે. સિસ્ટમના માપમાં પણ મોટા ભાગે અસરો જોવામાં આવી છે. પરંતુ તેનુ કારણ અને તેની અસરોને ચલાવવાવાળાની બિલકુલ કોઇ ખબર નથી. એટલા માટે અગણિત પરિબળો છે જે ઇન્સાનની જીંદગીને ચલાવે છે અને શારીરીક તથા રૂહાની પ્રમાણને મર્યાદિત કરેલ છે. ન તો તેનો અભ્યાસ કરવામાં આવ્યો છે અને ન તો તેની જાણકારી છે.

પરંતુ જે આપણને મળે છે તે એટલુ જ આશ્ચર્યજનક છે કે દરેક સંશોધન અને અભિપ્રાય અને કલ્પના ત્યારે જ કામ કરે છે જ્યારે તે ઇન્સાનની જીંદગીને મયાદિત કરવાની કોશિશ કરે છે અને નિશાનીઓનો દરેક સંશોધક ચાહે તે વિજ્ઞાનના કોઇ પણ વર્તુળથી સંબંધ ધરાવતો હોય, મોટી કંજુસાઇ પૂર્વક આ વાતને કબુલ કરે છે કે ઇન્સાની જીંદગીની કોઇ હદ નથી અને વિજ્ઞાનનુ સંશોધન હકીકતમાં ઇન્સાની ઉમ્રને લાંબી કરવાનો એક ઝરીઓ બની જાય છે.

આ જ એ પરિણામ છે કે જેને હાસિલ કરવાની આપણે કોશિશ કરીશુ, જુદા જુદા અભિપ્રાયો, પરિબળો અને ખયાલોની સમજુતી થકી, જે અભિપ્રાયો સંશોધકો પાસેથી મળ્યા છે.

સૌથી પેહલા આપણે એ હકીકત રજુ કરીશુ કે પ્રયોગાત્મક સાબિતીઓ સંપૂર્ણ રીતે ૨૦૦ વરસથી સામે આવી છે. આ અગાઉ વિજ્ઞાનના કલામનુ કોઇ મજબુત સમર્થન નથી અને હકીકી વિજ્ઞાન આ કેહશે કે તે સાબિત થયા વગરનુ છે, જો કે ગલત નથી એટલા માટે આપણે ખરાબ રીતે આપણા સંશોધનમાં અસ્થિર છીએ. આપણે એ નથી પુછતા કે મોટા ભાગના લોકો જે પોતાની જીંદગીના ૧૦૦ વરસ અથવા તેનાથી વધારે પસાર કરે છે શું તેઓ કુદરતી રીતે અંત પામેલ છે કે ચાર તત્વોના અસંતુલીત થવાના કારણે ખત્મ થવાવાળી મંઝિલ પર આવી જાય છે.

બલ્કે આપણે આ મુદ્દાની તરફ ઇશારો કરીશુ કે જે અન્કા પક્ષી છે અને બહુ ઓછા જોવા મળે છે. પરંતુ એમ છતા તે આ દુનિયાનો હિસ્સો છે.

આપણે કારણને સાબિત કરવાની કોશિશ કરીશુ (Cause & Effect)

## ક્યારેય ખત્મ ન થવાવાળી ઝિંદગીઃ

વાંચકોને જાણીને આશ્ચર્ય થશે કે એક એવુ પણ વિજ્ઞાનીક મંતવ્ય છે, જેમાં ક્યારેય ન ખત્મ થવાવાળી જીંદગીનો તસવ્વુર જોવા મળે છે અને અમુક એવા જાનદાર છે જેઓમાં બેહદ લાંબી ઉમ્ર જોવા મળે છે અથવા લગભગ ક્યારેય ન ખત્મ થવાવાળી ઉમ્રઃ

૧. પાંડો પોપ્યુલસ ટ્રીમનલોઇડસ (Pando Populus Tremanloids) એક પ્રકારનું વૃક્ષ છે, તે Quaking Aspen અથવા Clonal Colony છે. જેની ઉમ્ર અંદાજીત ૮૦,૦૦૦ વર્ષ છે. (Bryce Canyon National Purk Service)

૨. જુરૂપા ઓક (Jurupa Oak) Colony જેની ઉમ્ર ઓછામાં ઓછી ૧૩,૦૦૦ વર્ષ અથવા બીજા મંતવ્ય મૂજબ ૫,૦૦૦ થી ૩૦,૦૦૦ વર્ષ છે.

૩. Mediaterranean સમુદ્રમાં દરીયાઇ ઘાસ (Sea Grass) Posidonia Oceanica એક ખૂબ જ મોટી Colony છે. જેને ૧૨,૦૦૦ થી ૨,૦૦,૦૦૦ વર્ષ દરમિયાન અંદાજીત કરવામાં આવે છે. તેને પાણીની સપાટી ઉપર ૧૦,૦૦૦ થી ૮૦,૦૦૦ વર્ષની દરમિયાન સમજવામાં આવ્યુ છે.

(Peartman, Jonathan Oldest Living Thing On Earth Discoverd, The Daily Telegraph (London)

૪. તસ્માનીઆમાં King's Lomatia : આ જમીન પર એક એવી Clonal Colony છે જેની ઉમ્ર ઓછામાં ઓછી ૪૩,૬૦૦ વર્ષ અંદાજીત કરવામાં આવી છે.

(Discovery Channel 21st October 1996)

૫. Eucalptus Recurva Clones ઓસ્ટ્રેલીયામાં ૧૩,૦૦૦ વર્ષની ઉમ્ર હોવાનો દાવો છે.

(Oldest Living Organism: Ancient Bacteria Extreme Science Retrieved Jan-31-2013)

આ અમૂક એવા સજીવોના ઉદાહરણ છે જે લાંબી ઉમ્ર પસાર કરી ચુક્યા છે અને તેમના બાકી રહેવાની મજબુત શક્યતાઓ મળી આવે છે. અમે એવા બે અન્ય સજીવોનું દ્રષ્ટાંત શામિલ કરીશુ જે સ્થિર છે અને તેને ગતિમાન કરી શકાય તેમ છે.

૬. લાખો વર્ષ પછી પણ (Metabolicm) ને ગતિમાન કરવાનો દાવો જીવ નાખવાવાળા બેક્ટેરીયલ સ્પોર્સના થકી કરવામાં આવ્યો છે. Spores ના એવા દાવા છે કે જેમાં ૪૦૦ લાખ વર્ષ પછી પણ જીવ નાંખી શકાય છે.

(Cane RJ Baruckimk 19th May 1995 Revival and Identification of Bacterial Spore Sin 25-40 Million Year Old Domicanber Science 268 (52B)

૭. New Mexico માં નમકીનની ખાણથી Spores ૨૪ લાખ વર્ષ પછી ફરીવાર જીવતા થઇ રહ્યા છે.

(Oxford Journals 2001-02-15 The Permcan bacteriam That isn't)

આ ઉદાહરણોનો હેતુ એ વાતને સ્પષ્ટ કરવાનો છે કે જીવાણુંઓ ઘણાં લાંબા સમય સુધી જીવતા રહી શકે છે અને ઉપરોક્ત ઉદાહરણો પોતાની ચરમ સીમા પર નથી પરંતુ તે દર્શાવે છે કે અમૂક પ્રજાતિઓ એવી પણ છે જે ઘણાં લાંબા સમય સુધી જીવતી રહી શકે છે.

આગળ જે પુરાવાઓ રજૂ કરવામાં આવી રહ્યા છે તે આ હકીકતના સમર્થનના માટે છે કે ભલે પછી આ પ્રજાતિના જીવાણુંઓ ઓછા જીવતા રહેતા હોય, પરંતુ આ સાબિત થયેલ ઉદાહરણો વધારે સમય સુધી જીવતા રહ્યા છે, જો કે દ્રષ્ટાંતો ઘણા બધા છે પરંતુ ફરીવાર અમે અહીં ટુંકાણથી કામ લઇએ છીએ.

## લાંબી ઉમ્રવાળુ એક માત્ર વૃક્ષઃ

૧. એક Great Basin Bristelecone Pine (Pine Longaeva) વૃક્ષ જે (Colorado) દ્વારા ૫૦૬૩ વર્ષનુ મળી આવ્યુ છે.

(Rocky Mountain Tree, Oldist Ring Research)

સામાન્ય રીતે સનોબરના વૃક્ષની જીંદગી ૨૦ થી ૧૦૦ વર્ષની દરમિયાન હોય છે. પરંતુ સનોબરના એવા ઘણા બધા વૃક્ષો છે જે હજારો વર્ષોથી છે.

૨. Langernyw Yew એ યુરોપનું સૌથી જુનું અને દુનિયાનું બીજુ અથવા ત્રીજુ સૌથી જુનું વૃક્ષ છે. તેની ઉમ્ર ૪૦૦૦ થી ૫૦૦૦ વર્ષ દરમ્યાન માનવામાં આવે છે. આ જુના ઝમાનાનું વૃક્ષ (Taxus Baccata) New South Wales માં (Taxus Baccata) ના ગામના કબ્રસ્તાન (Church Yard) માં છે. વૃક્ષની સામાન્ય જીંદગી ૧૦૦ વર્ષ પરંતુ ઘણા બધા પૂરાવાની સાથે તેની જીંદગી હજારો વરસની પણ હોય છે.

નોંધઃ વૃક્ષોની ઉમ્રનો અંદાજો સહેલાઇ પુર્વક લગાવી શકાય છે, એટલા માટે એ સ્પષ્ટ છે. જાનવરો વિશે આ મુશ્કેલ છે.

## લાંબી ઉમ્રવાળા વ્યક્તિગત જાનવરઃ

૧. (Tyortopas Doharni) કયારેય ન મરવાવાળી જેલીફીશ (માછલી) સૌથી વધારે જીવતી રહેનાર જાનવર જે હંમેશા માટે રહી શકે છે. તેને છોડીને બીજા પ્રકારની જેલી ફીશની સામાન્ય ઉમ્ર ૩૦ વર્ષ છે.

૨. એન્ટાર્કટીકા સમુદ્રની નજદીક Sponges ની અમૂક પ્રજાતિઓ મળી આવે છે જે લગભગ ૧૦,૦૦૦ વર્ષ જૂની સમજવામાં આવે છે. સામાન્ય રીતે તેની ઉમ્ર ૨૦ વર્ષની હોય છે.

૩. Black Coral Genns Leiopatnes ના નમૂના આ ગ્રહ પર સૌથી વધારે જીવંત રહેવાવાળા જીવાણું સમજવામાં આવે છે. લગભગ ૪૨૬૫ વર્ષ જુના. સામાન્ય રીતે તેની ઉમ્ર ૧૦૦ વર્ષની હોય છે.

૪. Adwaita એક ખુબજ મોટો કાચબો છે. જે માર્ચ ૨૦૦૬ માં ૨૫૦ વર્ષની ઉમ્ર પસાર કરીને ગુજરી ગયો. (હિન્દુસ્તાન, અલીપૂર ઝૂ, કલકત્તા) જ્યારે કે તેની ઉમ્ર ૮૦ વર્ષની હોય છે. તે સાબિત કરે છે કે સામાન્ય ઉમ્ર એ વાતની હદને બાંધી નથી દેતી કે કોઇ તેનાથી હટીને લાંબી ઉમ્ર સુધી જીવતા રહે. એટલા માટે પ્રથમ મુદ્દો જેના પર ચર્ચા કરી શકાય છે તે એ છે કે લાંબી ઉમ્ર ઓછી જોવા મળે છે, પરંતુ અશક્ય નથી.

અમે ખુશીપૂર્વક અમૂક લોકોના નામ અને ઉદાહરણો જમા કર્યા છે જે ન દેવ માલામાં છે અને ન ઇસ્લામી માન્યતામાં. દેવરહા (Devraha) બાબા જેની ઉમ્ર અંદાઝે ૭૦૦ વર્ષથી વધારે હતી. (૧૪૭૭-૧૯૮૯) પરંતુ આ બધુ વિજ્ઞાનના દ્રષ્ટિકોણથી પૂરવાર નથી. એટલા માટે અમે તેઓની લાંબી યાદી રજૂ કરવાથી દૂરી રાખી છે. બીજી વાત જે અમે સાબિત કરવા ચાહીશુ તે એ છે કે દુનિયામાં ઘણી બધી એવી ચીજો મૌજૂદ છે જેને તર્કશાસ્ત્ર કે વિજ્ઞાનિક રીતે સમજાવી નથી શકાતુ પરંતુ એમ છતા તેનું વુજૂદ સાબિત છે. એટલા માટે વિજ્ઞાન એ વાતને નથી કહી શકતુ કે લાંબી ઉમ્ર અશક્ય છે. અમૂક ચીજો એવી છે જે કુદરતી દ્રષ્ટિકોણથી નજદીક સમજવામાં આવે છે.

૧. Ronnie અને Donnie Galyon (જન્મઃ ૨૮ ઓકટોબર ૧૯૫૧) એ બે અમેરીકન જોડીયા છે. જે કમર પાસેથી એક બિજાથી જોડાયેલા છે અને હજુ પણ જીવતા છે. તેઓ એક જ Organ નો ઉપયોગ કરે છે અને સૌથી વધારે જીવતા રહેવાવાળા જોડીયા લોકોમાં તેમના નામે રેકોર્ડ છે.

૨. Lina Medina (Peru ના Ticrapo જિલ્લામાંથી) ને ઓપરેશનથી એક બાળક થયુ, તે સમયે તેની ઉમ્ર સાડા પાંચ વર્ષની હતી. બાળકનું વજન ૨.૬૪ કિ.ગ્રા. અને લંબાઇ ૪૭.૫ હતી. તે બાળકનું નામ Gerardo રાખવામાં આવ્યુ. Medina ના માં-બાપ કે જેમણે વિચાર્યુ હતુ કે તેમની દિકરીના પેટમાં ગાંઠ છે. પોતાની દિકરીને માર્ચના અંતમાં હોસ્પીટલમાં લઇ ગયા. જ્યાં તે સાત મહીનાની પ્રેગનેન્ટ જણાઇ અને વૈજ્ઞાનિક રીતે આ વાતને નોંધવામાં આવી.

૩. એક ૨૫ વર્ષનો West Verginia નો રહેવાવાળો શખ્સ જે સંપૂર્ણ રીતે બે પેટ રાખે છે, તેને UPI પ્રેસે ૫ ઓગષ્ટ ૧૯૮૧ માં પ્રકાશિત કર્યુ હતુ.

આ ઉદાહરણો વિજ્ઞાનને મર્યાદિત કરે છે અને નવા અભિપ્રાયોના માટે માર્ગ તૈયાર કરે છે. એટલા માટે લાંબી ઉમ્ર સામાન્ય હાલતોની વિરૂધ્ધ તો હોઇ શકે પરંતુ એમ છતા શક્ય છે. આ ચર્ચાનું હવે પછી નું કદમ એ છે કે વૈજ્ઞાનિકો પોતે લાંબી ઉમ્રની શક્યતામાં યકીન રાખે છે. તેને સાબિત કરવાનો સૌથી બહેતરીન તરીકો એ છે કે એ વૈજ્ઞાનિક કોશિષોને રજૂ કરવામાં આવે જેમાં લાંબી ઉમ્રને નજર સમક્ષ રાખવામાં આવી છે.

## લાંબી ઉમ્ર અને જીંદગીનો અંદાજ:

ઇન્સાની આબાદીમાં લાંબી ઉમ્રને વધારવા માટે તેઓને બેહતર જીંદગી સુલભ કરવામાં આવે, જેમકે ખોરાક અને તંદુરસ્તીની હિફાઝત ઇન્ડસ્ટ્રીયલના પ્રથમ સમયમાં નવજવાનો અને આધેડ ઉમ્રમાં મૌત સામાન્ય હતી તેમજ ૭૦ વર્ષની ઉમ્ર જવલ્લેજ હતી અને આ Genestism ના લીધે ન હતુ પરંતુ માહોલના લીધે હતુ, જેમકે બિમારી, અકસ્માત અને ખોરાકની ઉણપ વિગેરે. ૨૦ મી સદીથી પહેલા ઘણી બધી બિમારીઓ અસાધ્ય હતી. બચ્ચાઓના જન્મના લીધે માતાઓના મૃત્યુ એક સામાન્ય બાબત હતી અને ઘણાં બધા બચ્ચાઓ પણ મૃત્યુ પામતા હતા. આ ઉપરાંત ઘણા બધા બુઝુર્ગો એવા હતા જે બિમારીનો યોગ્ય ઇલાજ ન થવાના લીધે મરી જતા હતા. ઉદાહરણ તરીકે બ્રિટનમાં ૧૮૭૧ ની એક વસ્તી ગણતરી (પોતાના પ્રકારમાં પ્રથમ)માં એક મર્દની સરેરાશ ઉમ્ર ૪૪ વર્ષ જોવા મળી છે. પરંતુ અગર બચ્ચાઓના મૃત્યુમાં ઘટાડો થાય છે તો બાલિગ અવસ્થામાં જીંદગી પસાર કરવાવાળા પુરૂષોની સરેરાશ ઉમ્ર ૭૫ વર્ષ જોવા મળી.

બ્રિટનમાં રેહવાવાળા પુરૂષોની સરેરાશ ઉમ્ર ૭૭ વર્ષ અને ઔરતોની ઉમ્ર ૮૧ વર્ષ અપેક્ષિત છે.

નિમ્નલિખિત મુદ્દાઓ, સંશોધકો અને ડોકટરો તરફથી ઉમ્રમાં વધારો કરવા માટે રજુ કરવામાં આવ્યા છે.

### રૂહાની શાંતિ:

મઝહબી લોકોની ઉમ્ર લાંબી હોય છે એવુ સમજવામાં આવે છે જેમ કે આયતુલ્લાહ બુરૂજુર્દી (આયતુલ્લાહ ખુઇના ઉસ્તાદ) મરજએ તકલીદ હતા અને ઘણી બધી તકલીફોની સામનો કરવા છતા તેમની ઉમ્ર ૮૮ વર્ષની હતી. આયતુલ્લાહ ખુઇ ૯૬ વર્ષ સુધી જીવતા રહ્યા અને એ ઉમ્રમાં પણ લોકોના પ્રશ્નો હલ કરતા રહ્યા.

Dr. Williams Poke કે જે એક મશ્હુર અમેરીકન ડોક્ટર છે તેણે આ પ્રયોગ કર્યો કે ૭૦ વરસની ઉમ્ર પસાર કરવાવાળા ૧૦૦૦ લોકોમાં ૪૩ મઝહબી, ૪૦ ખેડુત, ૨૯ ઓલમા અને ૨૪ ડોક્ટર હોય છે. આપણે જોઇ રહ્યા છીએ કે મઝહબી લોકોની ઉમ્ર ડોકટરોની ઉમ્રથી લગભગ બે ગણી છે. જો કે તેનાથી વિરૂદ્ધ હોવુ જોઇએ. બીજા મઝહબો અને કાનૂનો પણ સાવચેતીનો મશ્વરો આપે છે જેનાથી ઉમ્ર લાંબી થઇ શકે.

### વારસાગત:

જીન્સ (Genes) એક વ્યક્તિની જીંદગીમાં એક મહાન ભૂમિકા ભજવે છે. ઉંદર પણ Genetics ના આધારે બનાવવામાં આવ્યો છે જે સામાન્ય ઉંદરના મુકાબલામાં બે ગણી જીંદગી જીવે છે. આ સાબિત કરે છે કે Genes એક મહત્વનો ભાગ ભજવે છે.

### ખોરાક:

એ બાબત જોવામાં આવી છે કે રાણી માખી અન્ય મધમાખીઓની સરખામણીમાં ૪૦૦ ગણી વધારે જીવતી રહે છે. બિલ ફોર નામના ફ્રાન્સના એક મશ્હુર નિષ્ણાંતે શોધ્યુ છે કે રાણી માખી પોતાની પુરી જીંદગીમાં જેલી ખાય છે અને અન્ય માખીઓ ફક્ત ત્રણ દિવસ ખાય છે.

### ઓછો ખોરાક:

એ જોવામાં આવ્યુ છે કે જે લોકોની જીંદગી વધારે હોય છે તેઓનો ખોરાક ઓછો હોય છે. ઇસ્લામ પણ ઓછુ ખાવા પર ભાર મુકે છે.

### માહોલ:

ગંદકી અને અસ્વચ્છતા વિગેરેથી આઝાદી.

### તાજી હવા:

તાજી હવામાં શ્વાસ લેવા (ખાસ કરીને સવારના સમયે)

અને હરીયાળીવાળા માહોલમાં રહેવુ અને એવા રૂમમાં ન રહેવુ જ્યા હવાનો આવવા જવાનો રસ્તો ન હોય.

**ઠંડી આબોહવાઃ**

ઠંડુ વાતાવરણ એ લાંબી ઉમ્રના માટે મહત્વનો ભાગ ભજવે છે અને ગણતરી તથા આંકડા એ જાહેર કરે છે કે ઠંડા પ્રદેશમાં રેહવાવાળા લોકોની જીંદગી ગરમ પ્રદેશમાં રેહવાવાળાથી વધારે લાંબી હોય છે.

**મહેનત અને સંઘર્ષઃ**

એ સ્પષ્ટ છે કે મહેનત અને મશક્કત કરવાવાળાની ઉમ્ર કાઇ કામ ન કરવાવાળાની ઉમ્ર કરતા વધારે લાંબી હોય છે. વર્તમાન અભ્યાસમાં એ જોવા મળ્યુ છે કે નવરાશના સમયમાં સામાન્ય કસરત ઇન્સાનની જીંદગીમાં લગભગ સાડા ચાર વર્ષનો વધારો કરી દે છે.

ઉપરોક્ત લિખિત મુદ્દાઓ સામાન્ય રીતે લોકો જાણે છે. અગર એક શખ્સ તંદુરસ્તીની ઢબ પર પોતાની જીંદગી વિતાવે છે અને તેના હાથમાં તીબ્બી સુવિધાઓ છે તો ઉમ્ર લાંબી થશે પરંતુ આપણી આંખ ખોલવાવાળા વૈજ્ઞાનીકો એ જે જોયુ છે તે ઇ.સ. ૨૦૦૨ ના અંકમાં પ્રકાશિત થયો હતો જ્યાં વૈજ્ઞાનીક ઓપન અને વુપલએ આ શોધ કરી કે નિષ્ણાંતો જે ભાર મુકે છે કે અપેક્ષિત જીંદગી એક હદ સુધી પહોંચી ગઇ છે........ વારંવાર ખોટી સાબિત થઇ ચુકી છે તે એ છે કે ઇન્સાન પ્રગતિની સાથે પોતાની ઉમ્રમાં અનંત તરક્કી કરી શકે છે, કરશે.

(૨) ઉમ્રનો દરજ્જો બિમારીની દ્રષ્ટિએ હોય છે. જુદા જુદા પ્રખ્યાત વૈજ્ઞાનીકો આ ચીજ અનુભવે છે કે હકીકતમાં સામાન્ય ઉમ્ર શારિરીક કાર્યની વિરૂદ્ધ બિમારી છે. C.Z.R. મુડી (AARP ના માટે તાલિમી કાર્યોના Director) લખે છે કે સામાન્ય પણે શુ છે અને બિમારી શુ છે. આ એક ઐતિહાસીક પૂર્વોત્તર સંબંધ પર આધારિત છે. ડેવિડ જેમ્સ (આસીસ્ટન્ટ ડાયરેકટર ઓફ ધ ઇન્સ્ટીટયુટ ઓફ Healthy Aging ભારપૂર્વક ચર્ચા કરે છે કે હકીકતમાં ઉમ્રને બિમારીની દ્રષ્ટિએ જોવી જોઇએ. ઉમ્રની આલમગીરીયતના કારણે તેઓ તેને બિમારીની ખાસ ક્રમ કહે છે. રોબર્ટ એમ્પરીમિલયન એ ઉમ્રની સ્પષ્ટતા માટે ઇ.સ. ૧૯૫૪ માં Aging Syndrome અને કોમ્પલીકેટેડ બિમારીની શર્તો બતાવી છે.

**(૩) Anti Aging Medicines:**

ઇન્સાની ઉમ્રને લાંબી કરવા માટે સૌથી વધારે સ્વીકાર્ય રીત Anti Aging Medicines અને નુસ્ખા છે. આપ શહેરોમાં એવી એડવર્ટાઇઝનો સામનો કર્યા વિના નથી રહી શક્તા જેમાં ચામડી અથવા વાળમાં ફેરફાર કરી ઉમ્રને ઓછી દેખાડવામાં આવે છે.

**(૪) નવી ટેકનોલોજીઃ**

નવી મેડીસીન ઉમ્રને લાંબી કરી શકે છે. જો કે ઘણા બધા અમલના ફેરફાર ઉમ્રના માટે જવાબદાર સમજવામાં આવે છે. K. Eric Drexler (ન્યુ ટેકનોલોજીના સ્થાપકોમાંથી એક છે) એ કોષોના રીપેરીંગના મશીનના બારામાં બતાવ્યુ છે જેમાં કોષોની અંદર કામ કરવાવાળા ગૈર હકીકી અનાખ્ત કોમ્પ્યુટરનો ઉપયોગ શામિલ છે. પોતાની ૧૯૮૬ ની કિતાબ Engines of Creation માં તેઓએ આ લખ્યુ છે.

**Raymand Karzuweil:**

એક ભવિષ્યવેત્તા (Futurist) એ પોતાની કિતાબ The Singularity is Near માં બયાન કર્યુ છે કે તે યકીન રાખે છે કે પ્રગતિશીલ મેડીકલ Neuro Botox 2030 સુધી સંપૂર્ણ રીતે ઉમ્રની અસરોને ગ્રહણ કરી શકે છે.

**(૫) Cloning:**

અમૂક જીંદગીને વધારવા મશ્વરો આપે છે કે Therapeutic Cloning અને Stem Cell નું સંશોધન એક દિવસ કોષો અને શરીરના હિસ્સાઓને પૈદા કરવાનો રસ્તો પ્રાપ્ત કરી શકે છે ત્યાં સુધી કે પુરૂ શરીર (સામાન્ય રીતે જન્મજાત Cloning) એક શક્ય મરીઝ ના માટે Genetics રીતે ઓળખવામાં આવશે. હાલમાં અમેરીકન સર્જરી વિભાગે ઉંદરોના થકી ઇન્સાનના શરીરના વધવાની શક્યતા પર રીસર્ચ શરૂ કર્યુ છે.

**(૬) સન્સઃ**

બુઢાપો ન હોવા બરાબર હોવાવાળી હિકમતે અમલીઃ મોટી-લાંબી જીંદગીની દરખાસ્ત વર્તમાન અને ભવિષ્યના જીવ રાસાયણિક અને Genetics Technique ને જમા કરશે. સન્સ સ્ટર્મ સેલ અને ટીશ્યુ એન્જીનીયરીંગ (Engineering)ના થકી ઉમ્રની અસરોને ઓછા કરવાની દરખાસ્ત મુકે છે.

એ નોંધવુ જરૂરી છે કે સન્સ કોન્ફરેન્સ સ્વતંત્ર મૌજૂદ છે અને વધતી ઉમ્રને રોકવા માટે અને ઉમ્રમાં વધારો રાખવાવાળી ફીલ્ડ છે તેને Biogernatology કહેવાય છે. વૈજ્ઞાનિક શાખાઓમાં એવા ઘણા બધા કારનામાઓ છે. ખુલાસા તરીકે એ કહેવુ જોઇએ કે દુનિયામાં હજારો વૈજ્ઞાનિકો, ડોક્ટરો અને સંશોધકો છે જે ઉમ્રને રોકવા માટે અને ઉમ્રને વધારવા માટે કામ કરી રહ્યા છે. તેઓને ઉમ્ર વધારવામાં સફળતા પણ મળી છે. જો કે હજી તે મામૂલી છે પરંતુ ભાવિમાં મહાન દેખાઇ આવે છે. આની સાથે એક મૂળભૂત ખ્યાલ રાખે છે, ઉમ્રમાં વધારો થવો એ બહુજ વધારે શક્યતા ધરાવે છે.

ઉમ્રને લંબાવવા પર એક અંતિમ સંશોધન છે જેને અમે અલગ રાખ્યુ છે. કારણકે ટેકનોલોજીમાં પ્રગતિની સાથે ઉમ્રમાં વધારો શક્ય છે. આ અમે લખી ચુક્યા છીએ, બલ્કે અગર શરીરને સમજવામાં આવે તો તેને જેવી રીતે બનાવવામાં આવ્યુ છે, તેમાં અમર્યાદિત ઉમ્ર છે, જોકે ઓછા ઇલ્મના કારણે એ રીતોની જાણ નથી, જેના થકી તેને અમલમાં લાવવામાં આવે.

**New Creations Theory:**

બાયોલોજીમાં નવી ખિલ્કત (New Creation એ અમલની પ્રગતિ અને વિકાસ છે.) જોજીનીયમ, બાયોલોજી અને પારતિકી કુદરતી લચકથી મેળવે છે અથવા એ બનાવોને બનાવે છે. જે ખલલ અને નુકસાનનું કારણ દરેક પ્રજાતિથી ઇન્સાનની નવી ખિલ્કતની કુદરત રાખે છે. સહેલા શબ્દોમાં કોષો શરીરને બનાવે છે. ઇન્સાન સેલ્યુલર ક્ષમતા રાખે છે, જે સેલ ખરાબ થઇ ગયા છે તેને બનાવી શકે અથવા બદલી શકે છે. અથવા તે સેલની ઉમ્રને વધારી શકે જે ઇન્સાનના શરીરમાં નવા પૈદા થાય છે. આદમી બુઢો થાય છે અને મરી જાય છે, કારણકે તેની સેલ ફરીવાર બનાવવાની ક્ષમતા ધીમી અને સુસ્ત પડી જાય છે અને નુકસાનો વધી જાય છે. એ પણ બતાવવામાં આવ્યુ છે કે ઇન્સાનના શરીરના અમુક હિસ્સાઓને બીજીવાર બનાવવાની ક્ષમતા નથી ધરાવતો જેમકે હાડકાઓ. પરંતુ અભ્યાસમાં મળી આવે છે કે અમુક ઇન્સાન એવા પણ છે જે આ ક્ષમતા ધરાવે છે. મે-૧૯૩૨ માં L. H. Maccam એ The Canadian Medical Association Journal માં એક રીપોર્ટ પ્રકાશિત કર્યો કે જે નવી ખિલ્કતને સ્પષ્ટ કરી છે.

કપાયેલી આંગળી ફરીથી વધી ગઇ, બુઝુર્ગ લોકોના એ અંગુઠાઓ પણ પાછા વધી શકે છે જે રસીના લીધે ખત્મ થઇ જાય છે અથવા બળી જાય છે. સ્પષ્ટ બાયોલોજીકલ કારણ વિજ્ઞાનને નથી ખબર જે ઉમ્રથી સંબંધ ધરાવે છે. જો કે ઘણી બધી થીયરીઓ છે અને આખી દુનિયાની પ્રયોગશાળા તેમજ રીસર્ચ સેન્ટરોએ શરીરના સેલથી શરીરના હિસ્સા બનાવવા શરૂ કરી દીધા છે. વૈજ્ઞાનીકો એ વાત પર એક મત છે કે ઇન્સાન તેની ક્ષમતા રાખે છે કે પોતાના શરીરને નુકશાનથી ફરીવાર બરાબર કરી શકે. પરંતુ તેને એ નથી ખબર કે કઇ ચીજ તેની શક્તિને સુસ્ત કરે છે. પરંતુ અગર આ ક્ષમતા હંમેશા રહે જેમકે બીજા સજીવોમાં રહે છે તો ઇન્સાન ઘણા બધા લાંબા સમય સુધી જીવતો રહે. ફક્ત એક્સીડેન્ટ અથવા બહારની બિમારી તેની જીંદગીને કાપી શકે છે. અમારો હેતુ હતો કે અમે લાંબી ઉમ્રને વૈજ્ઞાનીક સંશોધન અને પરિણામોથી સાબિત કરીએ. અલ્લાહના ફઝ્લો કરમથી અમે તેમાં સફળ થયા છીએ. જો કે લાંબી જીંદગી સામાન્ય નથી પરંતુ વિજ્ઞાનના મતાનુસાર શક્ય છે. આ રીતે એ પરિણામ પ્રાપ્ત કરીએ છીએ. વૈજ્ઞાનીક શક્યતાઓના વર્તુળમાં ઇમામે ઝમાના(અ.ત.ફ.શ.) ની લાંબી ઉમ્ર હકીકત છે.

## ખુલાસોઃ

લાંબી ઉમ્રના બારામાં બે માન્યતાઓ પર ઇન્સાનની અક્લ પોતાની વિકાસની મંઝિલો પાર કરે છે. એક એઅતેકાદી જેનો સંબંધ મઝહબથી છે તેમજ જેની બુનિયાદ સંશોધન પર આધારિત છે. બીજી માન્યતા ભૌતિક અને ઇલ્મી અથવા વૈજ્ઞાનિક તરક્કીઓના રીપોર્ટ પર શોધખોળ અને જાંચ પડતાળ કરવામાં આવે છે. વૈજ્ઞાનિક અને ઇલ્મી રીસર્ચના થકી

વિદ્વાનોની એક ફિતરી આશાનુ પૈદા થવુ છે. ઉમ્રને લંબાવી શકાય છે અને તેના પર બયાનો આવતા રહે છે. એઅતેકાદી રીતે સંશોધન થયેલી વાત છે કે હજારો ઉદાહરણો લાંબી ઉમ્રના બારામાં મૌજુદ છે અને પછી જે ખાલિકે આપણને ઓછી ઉમ્ર આપી છે તે આપણને લાંબી ઉમ્ર આપવા માટે કુદરત રાખે છે. યાદ રહે કે તે કાદિરે મુત્લક છે.

## યથાર્થતાઃ

અગર અલ્લાહ હઝરત ઇસા(અ.સ.)ને લાંબી ઉમ્ર આપી શકે છે તો ખત્મુલ મુર્સલીનના વસી જે ફખ્રે ઇસા ઇબ્ને મરયમ છે, તેને એક લાંબી ઉમ્ર શા માટે નથી દઇ શકતો અને તે ખુદા તો એ છે જે દરેક ચીજ પર કાદિર છે અને હવે એ અલગ વાત છે કે દુશ્મનીના કારણે ખાલિકના માટે સામાન્ય પણેની પરિભાષાની તાવીલાત સામે આવે છે. જેણે રકીમની ગુફામાં અસ્હાબે કહફને આજ સુધી જીવતા રાખ્યા છે. સાચુ તો એ છે કે ગુમરાહી અને ભટકવાના હજારો રસ્તા છે. હિદાયતનો રસ્તો માત્ર એક જ રસ્તો છે જેને સેરાતે મુસ્તકીમ કેહવાય છે અને તે તેઓનો રસ્તો છે જે અન્અમ્ત અને ગૈરે મગઝુબના મિસ્દાક છે. ઉપરોક્ત લખાણમાં વિદ્વાનોની કોશિશ લાંબી ઉમ્રના બાબતે છે તે ફિતરતનો તકાઝો છે.

અલ્લાહના ખલીફા, મૌલા હુજ્જત ઇબ્નીલ હસન અસ્કરી(અ.સ.) અલ્લાહના ખલિફાનો ઝુહુર નજદીક આવી રહ્યો છે.

લોકો તેને દુર સમજી રહ્યા છે, કુર્આન તેને નજદીક કહી રહ્યુ છે.

અજ્જીલ અલા ઝહુરેક

---ooo---

**અનુસંધાન પાના નં. ૧૬ થી શરૂ ...**

ઇબ્ને તાઉસ(ર.અ.)થી એક દલીલ વર્ણવીએ જે તેઓએ પોતાની કિતાબ 'કશ્ફુલ મોહજ્જહ' ફસ્લ ૭૯ માં લખી છે. આપ લખે છે કે આ દલીલ તેઓએ એહલે તસન્નુનની સામે એક મુનાઝેરામાં રજૂ કરી હતી અને તે આ મૂજબ છેઃ અગર કોઇ શખ્સ બગદાદ શહેરમાં એ દાવો કરે કે તે પાણી પર ચાલી શકે છે, તો તેના આ કારનામાંને જોવા માટે એક મોટો મજમો જમાં થશે અને જ્યારે તે તેનું આ કામ અંજામ આપશે તો લોકો તેના આ કામ પર આશ્ચર્ય કરે છે. બીજા દિવસે એક બીજો શખ્સ આ જ દાવો કરે છે અને તે કામને અંજામ આપે છે. પરંતુ હવે આશ્ચર્યની તિવ્રતામાં કમી આવી જાય છે, કારણકે તેની પહેલા કોઇ આ કાર્ય અંજામ આપી ચુકયો છે. ત્રીજા દિવસે એક ત્રીજો વ્યક્તિ એ જ દાવો કરે છે, પરંતુ હવે મજમો ઓછો હશે. કારણકે બે જણા આ કામને અંજામ આપી ચુકયા છે અને હવે લોકોનું આશ્ચર્ય પણ ઓછુ હશે. જ્યારે દસ અથવા તેનાથી વધારે લોકો તેને અંજામ આપી દે તો લોકો આશ્ચર્ય નહી કરે અને હવે એ વાત લોકોની દરમિયાન મામૂલી વાત ગણવામાં આવશે. જ્યારે તમે ઇસા(અ.સ.), ખિઝ્ર (અ.સ.), ઇલ્યાસ(અ.સ.), ઇદરીસ(અ.સ.) વિગેરેની તૂલે ઉમ્રના માનવાવાળા છો, તો પછી તેમાં આશ્ચર્ય શા માટે કે અલ્લાહ મોહમ્મદ(સ.અ.વ.)ના ખાનદાનના એક શખ્સને તૂલે ઉમ્ર અતા કરે? તમે પોતેજ તમારી કિતાબોમાં એ વાત વર્ણવી છે કે એક શખ્સ આખી દુનિયાના ખૂણે ખૂણાને, પૂર્વથી લઇને પશ્ચિમ સુધી અદ્લો ઇન્સાફથી ભરી દેશે, જેવી રીતે તે ઝુલ્મો જૌરથી ભરેલી હશે. ચોક્કસ આ બાબત એટલે કે દુનિયાનું ઇન્સાફથી ભરાઇ જવુ, ઇમામ મહદી(અ.ત.ફ.શ.) ની તૂલે ઉમ્રથી વધારે આશ્ચર્યથી ભરેલુ છે. તમે એ પણ લખ્યુ છે કે ઇસા(અ.સ.) ચોથા આસ્માનથી જમીન ઉપર તશરીફ લાવશે અને ઇમામ મહદી(અ.સ.)ની ઇમામતમાં નમાઝ અદા કરશે. ખરેખર આ વાત પણ મહદી(અ.સ.)ની તૂલે ઉમ્રથી વધારે આશ્ચર્ય પામનારી છે!!! આ સ્પષ્ટ દલીલો પછી શકનો કોઇ અવકાશ નથી, જ્યારે ઇતિહાસમાં એટલા બધા લોકો લાંબી ઉમ્ર વિતાવી ચૂક્યા છે અને જેનો ઝિક્ર તૌરેત, ઇન્જીલ, ઇતિહાસ, કુર્આન અને અહાદિસમાં પણ મૌજૂદ છે, તો પછી આશ્ચર્ય શેનુ? આશ્ચર્ય તો એ છે મુસલમાન ઇબ્લીસ અને દજ્જાલની લાંબી જીંદગી પર શક નથી કરતો, પરંતુ જ્યારે

હુજ્જતે ખુદાની વાત આવે તો તેના દિમાગમાં ખરાબી ભરાઇ જાય છે. શક્ય છે આ પણ ઇબ્લીસનો વસવસો હોય, જે તેને ખુદા અને હુજ્જતે ખુદાથી દૂર કરવાની કોશિશ કરી રહ્યો છે.

''ફઅ્તબેરૂ યા ઓલિલ અબ્સાર....''

''પછી ઇબરત હાસિલ કરો અય દ્રષ્ટિવાળાઓ...''

---ooo---

**અનુસંધાન પાના નં. ૫ થી શરૂ ...**

બુલંદ થઇ શકે છે કે આખી દુનિયામાં તેને જોઇ શકાય છે.

સમય પસાર થતા થતા અવાજ આપી રહ્યો છે, બેદાર થઇ જાવ. હજી પણ કાંઇ ગયુ નથી. ઇમામે ઝમાના (અ.સ.)નો ઝુહુરનો સમય નજીક આવી રહ્યો છે. નજદીક આવી ગયો છે. નવી સવાર ઉગવાવાળી છે. બસ

*યરવ્નહુ બઇદંવ વ નરા હો કરીબા*

---ooo---

**અનુસંધાન પાના નં. ૧ થી શરૂ ...**

તમન્નાથી ઇન્સાની જીંદગીની બકાની પ્રસ્તાવના ઇન્સાની સમાજના સ્વરૂપમાં વુજુદમાં આવી અને જુના ઝમાનાથી ચિહ્નો છોડતા ગયા.

ઇતિહાસકારો અને સંશોધકો ઇન્સાનની જીંદગીની શરૂઆત અને તેનો વિકાસ અને તેની માનસિક વર્તણુક અને ઇન્સાની પુરાના ઢાંચાઓનો ક્રમ અને તલાશ પર આધારિત છે જે ઇસ્લામનો એ ઇતિહાસ જે ઇન્સાની ખિલ્કત અને પ્રગતિથી અમુક રીતે જુદી છે. પરંતુ કારણ કે અહીં વિષય ઇન્સાનની ફિતરત અને તેની પ્રાકૃતિક જીંદગીથી સંબંધિત છે. આથી તેની હેઠળ અપેક્ષાઓ કઇ રીતે કાર્યરત થઇ છે લેખકે તેનાથી શરૂઆત કરી છે.

અહીં અટકીને એ વાત કેહવી જરૂરી છે જ્યારે કે અલ્લાહ તઆલાનું કોઇ પણ કાર્ય હેતુ વગર નથી હોતુ તો તે ફિતરતની માંગણીઓને તરસી નથી છોડી શકતો. આ જ કારણ છે કે તેણે પોતાની મખ્લુકના માટે પોતાના વલીને આ ઝમીન પર બાકી રાખ્યા છે. આપણે ફિતરતના એ તકાઝાઓનુ વિશ્લેષણને દુનિયામાં આવતા જ દસ્તક દેવાનુ શરૂ કર્યુ છે અને તેની સ્પષ્ટતા કરીશું.

ઉપરોક્ત હકીકતોથી તારણ કાઢવામાં આવે તો એ સ્પષ્ટ થઇ જાય છે કે ઇશ્તીયાકે ખુલ્દ એ ફિતરતનો તકાઝો છે. (એટલે કે ઇન્સાની દિમાગ, ફિતરતના તકાઝા મુજબ એ જગ્યાની શોધમાં છે જ્યાં તે રહી શકે) અને હંમેશા રહી શકે અથવા જીંદગીની લાંબી મુદ્દત પામી શકે.

### માઁ ઝમાનાની શરૂઆતથી:

આ તકાઝો છુપો રહીને અવાજ આપે છે અને પછી તીવ્રતાભેર પોતાના દરજ્જાઓ પસાર કરે છે. માઁ એક મોહતરમ ઝાતનું નામ છે જેણે ઇન્સાનને જન્મ આપ્યો. અલ્લાહ તઆલાએ તેને પોતાની તમામ બરકતો અને ખુબીઓથી નવાજીશ કરી છે. ઇન્સાન જન્મ પછી ઘનઘોર અંધારામાંથી દુનિયાના અજવાળામાં આવ્યો. ફિતરી રીતે વિરોધાભાસી માહોલમાં શ્વાસ લેતી વખતે વહશતના લીધે રોવા લાગ્યો. અવાજથી રોયો. જેના માટે તેના કાન પરિચિત ન

હતા. પરંતુ જેવુ માઁ એ પોતાની છાતીએ લગાવ્યો નવી જીંદગીની ખુશીમાં પોતાની માઁ ની છાતી તરફ ઉછળવા લાગ્યો. જાણે કે માઁ ની છાતીમાંથી મમતાનો જોશ ઉભર્યો અને છાતીમાંથી તસ્નીમે કવસરની હયાત બક્ષ નહેરોથી મોજાઓ ઉઠવા લાગ્યા અને નવજન્મીત ઉછળી ઉછળીને તેને પીતો રહ્યો. ભૂખ લાગી દુધથી થોડીવાર માટે મેહરૂમ થયો. હંમેશા બાકી રહેવાના શૌખે તેની ફિતરતમાં વળ લીધો અને રોવા લાગ્યો. માઁ કે જેને બાળક માટે જીંદગી બાકી રેહવાની જવાબદાર બનાવી હતી. અગર કોઇ કામમાં પ્રવૃત છે તો બધુ મુકીને પોતાના બચ્ચાની તરફ ભાગતી-દોડતી તરતજ પોતાના બાળકને ગોદમાં લઇ લીધુ. માતાનું દુધ તેના ગળામાં ટપકતા જ થોડીવાર પછી ખુશી ખુશી હસવા લાગ્યો. આ હંમેશા રેહવાની તમન્નાનો છુપો તકાઝો છે જે તેના બંધારણમાં ખાલિક તરફથી જીંદગીનુ સત્ય બનાવીને રાખી દેવામાં આવ્યુ છે.

### હું મારા મકસદ સુધી આવી ગયોઃ

માતાના દુધની અસર છે કે બાળક પોતાના બચપણમાં, જવાન પોતાની જવાનીમાં, વૃદ્ધ પોતાની વૃદ્ધાવસ્થામાં પોતાની ઉમ્ર લાંબી થવા માટે પોતાની હિફાઝત અને રક્ષણની શમાને પોતાની ક્ષમતા મુજબ તમામ કોશિશોને ફાનસ બનાવીને તેને બુજાવા નથી દેતા અને જ્યારે ઉમ્રના અંતમાં પ્રાકૃતિક જીવનની શમા આખરી જ્યોત દેવા લાગે છે અલ્લાહને યાદ કરી હંમેશની જીંદગીની આશા લઇને ખુલ્દથી ખુલ્દે બરીની તરફ કુચ કરવાની તમન્ના લઇને આ દુનિયાથી ગુજરી જાય છે.

### આગઃ

વાંચકોને યાદ હશે કે હજી ઇન્સાની સંસ્કૃતિએ જન્મ લીધો જ હતો કે તેણે પત્થરોના થકી આગને શોધી કાઢી. ધીમે ધીમે અક્લ અને બુદ્ધિએ અલ્લામા ઇકબાલના કૌલ મુજબ ''સફાલ આફરીદી અયાગ આફરીદમ'' અય અલ્લાહ તબારક વ તઆલા તે માટીને પૈદા કરી મેં પ્યાલાઓ બનાવ્યા, વાસણો બનાવ્યા બસ પછી ખોરાક તૈયાર થવા લાગ્યો. હવાના જોકાઓએ આગને ભડકાવી. પાણી અને ગારાનો ઉપયોગ કર્યો. સ્વાદ બદલ્યો. જીંદગીને બાકી રાખવા માટે વિવિધ પ્રકારના ખોરાક તૈયાર થવા લાગ્યા. ક્યો ખોરાક તંદુરસ્તી માટે ફાયદાકારક છે. કઇ ચીજનો ઉપયોગ કરવાથી જીંદગીમાં તાજગી આવે છે. બિમારીઓ નજદીક નથી આવતી. શરીરની તંદુરસ્તી એ મનની તંદુરસ્તીનો પૈગામ લાવે છે. દિલ ખીલે છે. આંખો પ્રકાશિત રહે છે. જમીન પર પગલાઓ મજબુતાઇ પૂર્વક પડે છે. કમજોરી દૂર થાય છે. એક બુઝુર્ગે કહ્યુંઃ ''ચાલશો તો ખુબ જ ચાલશો'' મેં પુછ્યુ કેહવાનો શું મતલબ છે. આપે ફરમાવ્યુંઃ ''ચાલવાથી જીંદગી વધે છે'' આ શબ્દો વયોવૃદ્ધ શખ્સની ઝબાનથી અદા થયા તો એવુ લાગ્યુ જાણે ઇન્સાની બંધારણના તમામ તત્વો ''પાણી, હવા, આગ અને માટી'' બધા એક સાથે બોલી ઉઠ્યા કે જીવવાની જ તમન્નામાં દરેક ઇન્સાન, દરેક વ્યક્તિ જે અક્કલમંદ છે તે આ તત્વોને સંતુલિત રાખવાની કોશિશ કરે છે અને તમામ જીંદગીમાં પોતાની તમામ કોશિશને એ તરફ શરૂ રાખે છે. આજે ડાયટીસયન (Dietician) નુ યુનિવર્સીટીમાં નવો સિલેબસ એ આશાની સાથે એક નવી તાલીમની શાખા બનીને સામે આવી છે જેનુ જ્ઞાન હાંસિલ કરીને વિદ્યાર્થીઓ હોસ્પિટલો અને બીજા કેન્દ્રોમાં કામ કરી રહ્યા છે. આના અનુસંધાનમાં મને યાદ આવ્યુ કે આજથી લગભગ ૫૦ વરસ પેહલાની વાત છે. એક બાળકે જન્મ લીધો જે ફક્ત ૩ પાઉન્ડનો હતો. ડોકટરે તેને માઁ નુ દુધ પીવા ન દીધુ પરંતુ Incubator માં રાખી દીધો અને બહારથી દુધમાં દવા ઉમેરીને તેને પીવડાવતા રહ્યા. બાળક માત્ર ૨૦ દિવસ જીવીત રહ્યુ. એ જ જગ્યા એક માઁ એ ફક્ત બે પાઉન્ડના બચ્ચાને જન્મ આપ્યો અને તે માઁ એ બાળકને ઓછા વજનનુ હોવાના લીધે પોતાનાથી અલગ થવા ન દીધુ અને તેને પોતાનુ દુધ પીવડાવતી રહી. તે બાળક બચી ગયુ અને જવાન થઇને એક મજબુત વ્યક્તિની જેમ આગળ આવ્યો. પછી એ થિયરી સામે આવી કે માઁ ના દુધમાં એ તમામ તત્વો મૌજુદ છે જે જીંદગીને બાકી રાખવા માટે પુરતા છે. આજે જ્યારે દુનિયામાં દરેકે દરેક તરફથી શોધ અને પ્રગતિ અને સંશોધનની ભવ્યતાઓ નજરે આવે છે ત્યાં લાંબી ઉમ્ર માટે તમામ પ્રકારની કોશિશો કાર્યરત છે. આ મોટા મોટા હોસ્પિટલો, નર્સિંગ હોમ, કસરત દ્વારા ઘણા બધા ઇલાજ વિગેરે વિગેર આ જ હંમેશની જીંદગીનો શૌખ જે ફિતરતની માંગ છે તેનુ પરિણામ છે.

## II:

ઉપરોક્ત બયાન ઇન્સાની ફિતરતના એ તકાઝાઓની હેઠળ છે, જે ઇન્સાનને લાંબી મુદ્દત સુધી જીવતા રાખવાની જુદી જુદી સંશોધનના મૈદાનમાં પ્રવૃત્ત અને પ્રયત્ન કરનારો રાખે છે. પરંતુ ભૌતિક પ્રગતિ અને નવા સંશોધનની જ્યારે સરેરાશ કાઢવામાં આવી તો ઇન્સાન એ જ છે અને ત્યાં જ છે જ્યાં ભૂતકાળમાં લાંબી ઉમ્રની ઓછી વધતી સરેરાશ છે. આ ઉમ્રના તુલાની થવા માટે અને ખાકી શરીર પર દર્દ, દુઃખ અને બેચેનીની અસરો પર દરેક અક્લે ઇન્સાનીએ અને માનસશાસ્ત્રીએ દરેક જગ્યાએ મઝહબનો સહારો લીધો છે. દુનિયામાં કોણ એવો નફસ છે જે હેરાની અને પરેશાની, માનસિક મુંજવણ ડર, ગભરાટના વમળમાં ઉભો નથી. જેના પરિણામે દરેક ઇન્સાન ઇત્મિનાન અને દિલના સુકન અને ગમ તથા બેચેની દૂર કરવા માટે માધ્યમો શોધે છે. મુંજવણમાં પડેલ ઇન્સાન માટે બે રસ્તાઓ ખુલ્લા છે, જ્યાં તે પોતાની પરેશાનીઓને સુકુનમાં બદલવા માટે આગળ વધે છે. એક રસ્તો કે જે મઝહબનો છે અને બીજો ગુમરાહીનો. આ રીતે ઇન્સાન બે સમૂહમાં વહેંચાઇ ગયા છે. એક રસ્તા પર બુરાઓની જીંદગીની દુન્યવી સફર છે અને બીજો રસ્તો નેકુકારોનો છે, જે બસીરતવાળાઓ છે તે ઇત્મિનાનની શ્વાસ લે છે આમ કહીનેઃ ''અલા બે ઝિક્રીલ્લાહે તત્મઇન્નુલ કોલુબ'' અને જે અક્કલનો આંધળો છે તે પરેશાન રહે છે ''લા યસ્તવીલ અઅમા વલ બસીર'' કુર્આનની આયતો ઉપર ચિંતન-મનન કરવાવાળા અલ્લાહની નિશાનીઓથી સબક લે છે પરંતુ આ બંને રસ્તાઓના મુસાફરોની સામાન્ય વિચારસરણી લાંબી જીંદગીના કેન્દ્ર પર ફરે છે.

આ લાંબી જીંદગી માટે કત્લ અને ખુનથી પસાર થઇને પોતાના માથા પર શાહી તાજ રાખી લે છે અથવા પોતાની તાકત મુજબ સત્તા અને અગ્રતા માટે ભાઇ ભાઇની સાથે લડી લે છે. હઝરત યુસુફ(અ.સ.)નો કિસ્સો આના માટે આઇનો છે. પછી અંબિયા આવ્યા અને ઇન્સાનની જીંદગી અને લાંબી ઉમ્રની તમન્નાનુ રહસ્ય સમજાવ્યુ અને પવિત્ર જીંદગી પસાર કરવાની રીત શીખવાડી અને ખુદાવંદના એહકામને પોતાની કૌમના લોકોના દિમાગોમાં ઉતાર્યા. અંબિયા, અવસીયા, સાલેહીન જે ફિતરતના ખાલિકની તરફથી છે કે જેણે ઇન્સાનને અશરફનો દરજ્જો આપીને આ દુનિયામાં મોકલ્યો છે, તેની હિદાયત અને રાહનુમાઇ માટે તકવીની દુનિયાથી કાયમ કરી રાખ્યા છે. આથી તે સાવચેત કરતા પોતાની કિતાબ એટલે કે કુર્આને મજીદમાં ઇર્શાદ ફરમાવે છેઃ

*''અલ્લઝીન યસ્તહીબ્બુનલ્ હયાતદ્ દુનિયા અલલ્ આખેરતે વ યસુદ્દુન અન્ સબીલીલ્લાહે વ યબ્ગુનહા એવજન ઓલાએક ફી ઝલાલીમ બઇદીન વમા અર્સલ્ના મિર્ રસુલીન ઇલ્લા બે લેસાને કવ્મેહી લે યોબય્યેન લહુમ્ ફ યોઝીલ્લુલ્લાહો મય્યશાઓ વ યહ્દી મય્યશાઓ વ હોવલ્ અઝીઝુલ્ હકીમ''*

*એ કાફીરો કે જે દુનિયાની અમૂક દિવસોની જીંદગીને આખેરત પર (જે હંમેશની નેઅમતોવાળી જીંદગી છે) અગ્રતા આપે છે અને લોકોને ખુદાના માર્ગ પર ચાલવાથી રોકે છે અને તેમાં વગર કારણે અવળાઇ પૈદા કરવા ચાહે છે. આ જ લોકો દૂરની ગુમરાહીમાં છે અને અમે કોઇ પણ પૈગમ્બર નથી મોકલ્યા સિવાય તેની કૌમની ભાષામાં વાત કરતા હોય. જેથી તેઓની સામે અમારા એહકામ વર્ણવી શકે. ખુદા જેને ચાહે તેને ગુમરાહ કરે છે અને જેને ચાહે તેને હિદાયત અને તે શક્તિશાળી અને હિકમતવાળો છે*

(સુ. ઇબ્રાહીમ, આયતઃ ૩-૪)

વાંચકોના ધ્યાનને આયતે કરીમાના આખરી જુમ્લા તરફ ખેંચતા અર્જ કરૂ કે આ ''ગુમરાહી'' અને ''હિદાયત'' માં હંમેશા જીવવાની ખ્વાહિશનો તકાઝો છે. ફિતરતનુ રહસ્ય છુપાએલુ છે. તે ચાહે છે કે લાંબી ઉમ્ર હોય, ઐશો આરામ બાકી રહે. પરંતુ શું બાકી રહે અને કયા બાકી રહે તે ખુદ તેના અંજામને પોતાની આંખોથી જુવે છે.

જ્યારે ઇન્સાનને પોતાની ફિતરતના તકાઝા મુજબ તેને લાંબી ઉમ્ર નસીબ થાય, પોતાની ખિલ્કત પર અંબિયા (અ.મુ.સ.)ના એહકામની રોશનીમાં શા માટે વિચાર વિમર્શ નથી કરતો. લાંબી જીંદગીની તમન્ના ખુદ કહી રહી છે. જીંદગી દૂર સુધી ચાલે તો પણ અંત હોય એટલે કે ખત્મનો એહસાસ તો છે, પરંતુ અંતના નામથી ગભરાય છે. આ ગભરાહટ અને પરેશાનીના તાણા વાણામાં હંમેશની જીંદગીની ખ્વાહિશનો તકાઝો મૌજુદ છે. કુદરતની વ્યવસ્થા જુઓ આ દુનિયામાં જનાબે ખિઝ્ર(અ.સ.) છે. આ દુનિયમાં હઝરત

યુનુસ(અ.સ.) એક લાંબી મુદ્દત માછલીના પેટમાં પસાર કરીને અલ્લાહે તેમને નજાત અતા કરી અને દુનિયાની જીંદગીની લાંબી મુદ્દત પસાર કરીને ફિરદૌસના રસ્તે પ્રયાણ કર્યુ. હઝરત નૂહ(અ.સ.) પોતાની લાંબી ઉમ્રના લીધે આદમે સાની કેહવાયા. અંબિયાએ ખુદાવંદના એહકામ પછી એ એહસાસ જરૂર દેવડાવ્યો કે દુનિયામાં લાંબી ઉમ્રનો તકાઝો અંતની દસ્તક હંમેશા દેતો રેહશે. પરંતુ અગર આ મકસદના તકાઝાને સમજવો છે તો ખુદાવંદના એહકામ પર ફિક્રને તૈયાર કરે. હંમેશાની જીંદગીનો પૈગામ લઇને આવશે. પૂર્વના ચિંતક ડો. અલ્લામા ઇકબાલ કહે છેઃ

***મૌત કો સમજા હૈ ગાફિલ ઇખ્તિતામે જીંદગી***
***હે યે શામે જીંદગી સુબ્હ દવામે જીંદગી***

માનનીય વાંચકો હંમેશા જીવવાની ખ્વાહિશના તકાઝાને તુલે ઉમ્ર ફક્ત દુનિયામાં રેહવાને સમજવુ ટુંકા વિચારનુ પરિણામ છે. ઇન્સાન પોતાની ફિક્ર અને અક્લ પર આ તકાઝાને પોતાના દિમાગમાં રાખીને જીવે છે અને મરવાથી બચવા માટે માધ્યમો પુરા પાડે છે. પરંતુ અંજામને નજર સમક્ષ રાખે છે એટલે કે ખત્મની મંજિલ પણ ધુમાડાની જેમ તેની નજરમાં રહે છે. ઇસ્લામે જીંદગીની આ માન્યતાને બીજા મઝહબોની વિરૂદ્ધમાં એકદમ અકલી, ફિક્રી અને ફિતરી રીતે ખુલ્લમ ખુલ્લી નિશાનીઓની સાથે તોળ્યો અને ઇન્સાનની હંમેશની જીંદગી માટે ઇતિહાસમાં પ્રકાશિત નિશાનીઓની મજબુત બુનિયાદ પર સ્થાપિત કરી દીધુ છે અને આમ કહીને હુજ્જત તમામ કરી દીધી

*વમા અલય્ના ઇલ્લલ્ બલાગુલ્ મોબીન*

રસુલે અકરમ(સ.અ.વ.)એ રિસાલતની હોદ્દાની રૂએ ફરજોને અંતિમ શ્વાસ સુધી નિભાવી છે. પોતાની રેહલત પછી કુર્આન અને એહલેબૈત(અ.મુ.સ.) અને પોતાની પવિત્ર સિરતનો એવો નૂરાની મીનારો સ્થાપિત કરી દીધો, જે મશ્રરકૈન અને મગરબૈનના રેહવાસીઓને પોતાની ખિલ્કત અને પોતાના વુજુદની અઝમત અને હંમેશની જીંદગી પર ફિક્ર અને અમલની દાવત દેતો રેહશે. આથી ઇન્સાન ઇસ્લામી માન્યતા હેઠળ પોતાના વુજુદમાં એટલે ખિલ્કત પછી પાંચ તબક્કાઓથી પસાર થાય છે.

**પ્રથમ તબક્કોઃ**

જ્યારે ઇન્સાન માઁ ના પેટમાં રહે છેઃ

*ખોલેકલ્ ઇન્સાનો મીન નુત્ફતીન*

માઁ ના પેટમાં આ બાળક પોતાની જીંદગીની ખબર પોતાની હલન-ચલન દ્વારા આપતો રહે છે.

**બીજો તબક્કોઃ**

પાણી અને માટીની દુનિયા બાળક માઁ ના પેટમાં પોતાની જીંદગીની નિશ્ચીત મુદ્દત પુરી કરી લે છે તો અંધકારમાંથી આ દુનિયાના અજવાળામાં આવે છે. ધીમે ધીમે પરિચિત થવા પછી તે બાળક જવાની અને વૃદ્ધાવસ્થાની કુદરતી જીંદગી પસાર કરીને મૌત સાથે મળી જાય છે.

*અય રસુલ! તમારી પેહલા શું કોઇને હંમેશાની જીંદગી આપી છે અને અગર તમે મૃત્યુ પામશો તો શું તેઓ હંમેશા જીવતા રેહશે*

(સુરએ અંબિયા, આયતઃ ૩૪)

**ત્રીજો તબક્કોઃ**

બરઝખઃ ઇન્સાનની રૂહ મરવા પછી આલમે બરઝખમાં ચાલી જાય છે. વાદીઉસ્સલામમાં અથવા વાદીએ બરહુતમાં આમાલ પ્રમાણે.

**ચોથો તબક્કોઃ**

કયામતનો

*વ બિલ આખેરતે હુમ યુકેનુન*

**પાંચમો તબક્કોઃ**

પરિણામઃ હંમેશના જીવનની ખ્વાહિશ જન્નતના રેહવાસી અથવા જહન્નમના રેહવાસી.

**સવાલઃ**

શું ઇન્સાનની ફિતરતમાં હંમેશના જીવનની તમન્નાના તત્વને ખાલિકે નિરર્થક અને હેતુ વગર રાખી છે કે આ તત્વની હેઠળ ઇન્સાનને હંમેશા બાકી રેહવાની આરઝુનો સ્ત્રોત

બનાવ્યો છે.

આ વાંચીને રૂહ કાંપી ઉઠે છે કે તે પરવરદિગાર, તે ઈન્સાનોનો પૈદા કરવાવાળો, જેણે કશુ જ ન હતા તેમાંથી વુજુદનું શરીર આપ્યુ છે, તેણે અગર કોઇને સવાલ કર્યો કે શું તમને ફરીથી હતા ન હતા કરી દેવામાં આવે તો રૂહ ચીખી ઉઠશે. આથી અગર તે મગઝુબ છે તો અસ્હાબુન્નાર હુમ ફીહા ખાલેદુનના મીસ્દાકને ફના પર અગ્રતા આપશે.

ઉપરોક્ત ખિલ્કતના પાંચ તબક્કાઓમાં સૌથી મહત્વનો, સૌથી વધારે કેન્દ્રિય હૈસિયત રાખવાવાળો અને અંજામથી ખબરદાર કરવાવાળો અન્ય ચારેય તબક્કાઓમાં એક ફેંસલો કરનાર તબક્કો ''દુન્યવી જીંદગીનો તબક્કો'' છે. અહીં કાદિરે મુત્લક, ખાલિકે કાએનાત એ ઈન્સાનને ખુલ્લો, આઝાદ અને મુખ્તાર છોડી દીધો છે.

પછી એક નિદા થકી ઇન્સાનની ફિતરતને સાવચેત કરીઃ ''હું એક છુપો ખઝાનો છુ. એ કે જે ઝાતે કિબ્રીયાને ઓળખશે અને તેની ઇતાઅત કરશે તેને નેઅમતવાળો કેહવામાં આવશે. તે ગૈરીલ મગઝુબ હશે. જેણે આળસ અને ઝુલ્મથી કામ લીધુ હશે, તેનો અંજામ દર્દનાક અઝાબ છે.

**અકલઃ**

ખાલિકે ઇન્સાનને અક્લ જેવી નેઅમત અતા કરી, જે સારા અને ખરાબનો ફર્ક પૈદા કરે છે. અક્લ પર જ સઝા અને બદલાનો આધાર છે. અક્લની રોશની આપ્યા પછી મોટી મોટી મિસાલો કાયમ કરી દીધી, જેના પર અમલ થકી ઈન્સાન પોતાને પારખે છે. ખતાઓ અને ગુનાહોથી બચતો રહે અને આ કહીને હુજ્જત સંપૂર્ણ કરી દીધીઃ ''અફ લા યતદબ્બરૂનલ્ કુર્આન'' પછી અંબિયા(અ.મુ.સ.)નો એક લાંબો સિલસિલો કાયમ કર્યો જે ઇન્સાનને ગુમરાહીથી બચવાની તાલીમ આપતા રહ્યા અને અંતમાં ખાતેમુલ અંબિયા મોહમ્મદે મુસ્તફા (સ.અ.વ.)ના થકી દીનને સંપૂર્ણતા સુધી પહોંચાડ્યો. પછી હુજ્જત તમામ કરી દીધી. જ્યારે અઇમ્મા(અ.મુ.સ.)ને તેની હિફાઝત માટે નિયુક્ત કર્યા. આથી તમામ નિશાનીઓ અને પુરાવા મૌજુદ છે કે ખાતેમુલ અઇમ્મા, હુજ્જતે ખુદા ગૈબતના પરદામાં રહીને તેના દીનની હિફાઝત પર નિયુક્ત છે. ખાતેમુલ મુર્સલીનની આગાહી, કુર્આને કરીમની તસ્દીક બધુ જ ઇન્સાનની રાહનુમાઇના માટે ઉપલબ્ધ કરી દીધુ, જેની એક લાંબી યાદી છે. જે ચૌદ સદીઓથી તાજી છે.

**સવાલઃ**

આખરે આ બધુ શા માટે? અને મોટા મોટા ઉદાહરણો શા માટે સ્થાપિત કર્યા?

**શૈતાનઃ**

આદમ(અ.સ.)ની ખિલ્કત પછી તરત જ શૈતાને ઇલાહી અદ્લને પડકાર્યો. તેની ઇબાદતનો બદલો તેને એક વક્તે માલુમ સુધી અવલાદે આદમને ગુમરાહ કરવાની મોહલત મળી. પછી શું હતુ શૈતાને અલ્લાહના ખાસ બંદાઓની વિરૂદ્ધ અને ઇન્સાનોને ગુમરાહ કરવા માટે કમર કસી. ખુદાએ આમ કહીને મોહલત આપી કે તુ મારા મુખ્લસ બંદાઓને ગુમરાહ કરવામાં ક્યારેય કામ્યાબ નહી થાઇશ.

**ખુદાવંદની કુદરતઃ**

અલ્લાહ(ત.વ.ત.) એ તમામ પ્રકારની વ્યવસ્થા અને બંદોબસ્ત કરી દીધો કે જેથી તે ઇન્સાનને બેહકાવી ન શકે.

**ખયાલોઃ**

ઇન્સાની વસવસાઓ અને ખયાલો એ મૂર્તિપુજા કાયમ કરી. અલ્લાહ(ત.વ.ત.)એ ઇબ્રાહિમ(અ.સ.) બુત શીકનથી લઇને અલીએ મુર્તઝા(અ.સ.) બુત શીકન સુધી અંબિયા (અ.મુ.સ.)નો એક લાંબો સિલસિલો કાયમ કરી દીધો. અક્લ સવાલ ઉપર સવાલ કરી રહી છે. સવાલઃ શું શૈતાનની ભડકાવેલી સેંકડો કિલોમીટર દૂર ફેલાયેલી નમરૂદની આગે હઝરત ઇબ્રાહિમ(અ.સ.)ને બાળીને રાખ કરી દીધા? જવાબઃ નહી. અલ્લાહનો હુકમ થયોઃ

***યા નારો કુની બરદવ વ સલામન અલા ઇબ્રાહિમ***

સવાલઃ પરંતુ આ તો ખુદાના હુકમથી આગની અસર બદલી.

જવાબઃ કરબલામાં આગે તાસીર બદલી નહી. ખેમાઓ

સળગી ગયા. દિવસના પ્યાસા બચ્ચાઓ પર સુરજની ગરમી કરતા વધારે ખૈમાગાહોના સળગવાથી ચેહરા બળ્યા. મુખદ્દરાતે ઇસ્મતો તહારત એ કેવી હાલતમાં શામે ગરીબા પસાર કરી. અય અક્લ તારી પરસ્તીશને આગ લાગે. જરાક વિચાર દીને ઇસ્લામને ખુદાના ખાસ બંદાઓએ બચાવી ન લીધો?

*ડુબ કર પાર હો ગયા ઇસ્લામ*
*આપ ક્યા જાને કરબલા ક્યા હૈ*

પરંતુ સવાલઃ અહીં ખુદાએ પોતાનો હુક્મ નાઝિલ કેમ ન કર્યો. જવાબઃ જેના દરજ્જાઓ ઉચા છે તેને વધારે મુશ્કીલો છે. ખુદાએ કહ્યુ છે આ દુનિયા પરીક્ષાની જગ્યા છે. તેનુ પરિણામ આખેરત છે. જ્યારે હુર ઇમ્તિહાનમાં કામ્યાબ થયા. હુસૈન(અ.સ.)એ કહ્યુઃ હુર મારી બેં આંગળીઓની દરમીયાન જુઓ. હુરે જોયુ. જવાબ આપ્યોઃ મારૂ ઘર જોઇ લીધુ. તુબાનો છાયો જોયો.

હઝરત અબ્બાસ(અ.સ.) છેલ્લા શ્વાસે પોતાના મૌલાને કેહતા રહ્યાઃ હવે રૂહ ખુલ્દે બરી તરફ જઇ રહી છે. આકા હવે નીંદ ખાદીમની પાસે આવી રહી છે.

સવાલઃ આ તો શાયરના ખયાલો પણ હોઇ શકે છે.

જવાબઃ વિચાર કર અક્કલ ૧૩ વરસના કાસિમ (અ.સ.)ના આ જુમ્લા

અગર આપણે હક પર છીએ તો મૌત મધથી વધારે મીઠી છે. આ શાયરોના વિચારો નથી પરંતુ ક્ષિતિજના દરેક ખુણામાંથી આવાજે હક બનીને ઉઠી રહી છે અને જેને શાયરીની સર્જન કહો છો, સર્જન નથી પરંતુ અશઆરના સાંચામાં ઢળેલી હકીકતનુ દિલને બાળી નાખનારૂ બયાન છે.

**ખુલાસોઃ**

અલબત્ત આ દુનિયાની ઉમ્ર છે. જે હંમેશની ખબર આપે છે. આ જ દુનિયામાં દરેક પગલે પરીક્ષા છે. દરેક હોઠોની હરકત પર અને દરેક સ્વરૂપમાં પરીક્ષા છે. બલ્કે દરેક પળ સખ્તીઓ લઇને ઉભા છે. એટલા માટે કે ઇસ્લામ ઇલાહી રિસાલતનો આખરી દીન છે. જેણે ચારે બાજુથી નહી પરંતુ દરેક તરફથી શૈતાની ખયાલોના પાથરેલા જાળોને ચેલેન્જ કરી અને તેને તોડી નાખી. તે આ દુનિયાથી સફળ અને કામ્યાબ પસાર થયો (હઝરત અમીરૂલ મોઅમેનીન(અ.સ.)નો એ જુમ્લો જે શહાદતના સમયે કહ્યો યાદ કરો. કાબાના રબની કસમ હું કામ્યાબ થયો) હદીસે કિસામાં આ કામ્યાબીનો ઝિક્ર દિલનશીન છે.

શૈતાન ક્યાં સુધી ચુપ રહીને બેસવાવાળો હતો. તેણે પણ પોતાના પગો ફેલાવવાનું શરૂ કર્યુ. હુકુમતો, રાજકારણ અને ઝુલ્મનો સોદો લઇને ઇસ્લામની સામે આવી ગઇ. અલ્લાહ તઆલાએ અવસીયાઓને દીનના હાફિઝ ગણાવ્યા. ૩૨૯ વરસ પછી પોતાના આખરી મુહાફિઝને ગૈબતમાં રાખીને હિદાયતની મસ્નદને ભવ્ય રીતે ઉજાગર કરી અને

*ઇન્નશ્ શૈતાન લકુમ અદુવ્વુમ્મોબીન*

*"બેશક શૈતાન તમારો સ્પષ્ટ દુશ્મન છે"*

અને

*બકીય્યતુલ્લાહે ખૈરૂલ્લકુમ ઇન કુન્તુમ મોઅમેનીન*

*"બકીય્યતુલ્લાહ તમારા માટે ખૈર છે અગર તમે મોઅમીન છો"*

તેના તરફ મોતવજ્જેહ રહો.

*વઅ્બોદુની હાઝા સેરાતીમ્મુસ્તકીમ*

*"મારી ઇબાદત કરો, આ જ સીધો રસ્તો છે"*

બધા અલ્લાહની તરફથી આવ્યા છે અને અલ્લાહની તરફ જ પાછા જાશે. ખત્મ થઇ જાશો એમ નથી કીધુ પરંતુ કહ્યુ કે જાશો.

હવે જેમ ઝમાનાઓ પસાર થતા ગયા અને સમયના યુગોનો ચરખો ચાલતો રહ્યો. શૈતાને પોતાના તમામ હથિયારો અજમાવવાનુ શરૂ કરી દીધુ. મુર્તિઓથી ભરેલી બેશુમાર ઇબાદતગાહો રોશનીથી જગમગાવા લાગી. વિચાર સ્વાંત્રયએ શરીઅતની હદોની સરહદોને તોડી નાખી. આર્થીક પાયમાલીએ રવાદારીની અવાજ બુલંદ કરી. ખુદાના ખાસ બંદાઓને રૂઢિચુસ્ત કહીને પરાયાતો ઠીક પણ પોતાના પણ મોઢુ ચઢાવવા લાગ્યા. પૃથ્વી પર ઠેક ઠેકાણે ખુન વહાવવાના કિસ્સાઓ સામાન્ય થઇ ગયા. યહુદીઓએ મસ્જીદે અક્સા પર કબ્જો કરી લીધો. બાકી રહેલી અધુરાશ આતંકવાદીઓએ

પૂરી કરી નાખી. તાલીબાન જેવી સેંકડો લોહી તરસી તેહરીકોએ જોર પકડી લીધુ. ઇરાકમાં ખબર નથી દરરોજ કેટલા ઘરો ઉજડી રહ્યા છે. કેટલાય બચ્ચા યતીમ થઇ રહ્યા છે. કેટલી બેહનોને ભાઇઓની કબ્ર પણ નથી મળતી. કેટલીયે માઁ ઓ માતમ કરી રહી છે. પરંતુ શું એ જે અલ્લાહના ખલીફા જે તમામ મખ્લુક પર અને તમામ બંદાઓ પર અલ્લાહની તરફથી પહોંચ રાખે છે અને જે અલ્લાહના વલી છે તમામ દુનિયા પર અને તમામ સંબંધિત બાબતો પર ખામોશ બેઠા છે? એવુ નથી અગર એવુ હોત તો તે કૌમ જે તેમની સાથે આશા બાંધીને બેઠી છે તે ખત્મ થઇ ગઇ હોત. ઝમીન પર હજી હરિયાળી છે, ખેતીઓ હરીભરી છે, ખેતરો હર્યા ભર્યા લીલા છમ છે, ઝરણાઓ ફુટી રહ્યા છે, દરિયા કિનારાઓની હદોમાં છે. સમુદ્રો જમીનને ગળી નથી ગયા, પહાડ તુટીને ભુક્કો નથી થયા. આ બધુ એ બુઝુર્ગવારની બરકત છે જે અલ્લાહની તરફથી ગૈબતની ઓટમાંથી બહાર આવશે, જાહેર થશે. ઇમામતના સુરજની કિરણો, મૃત્યુ પામેલી ઝમીનોમાં પણ રૂહ ફુકી દેશે અને આ ઝમીન ફરીથી જીવતી થઇને દરેક ઝાલિમના પગોને જકડી લેશે. ચારે તરફથી થવાવાળા હુમલાઓને રગદોળી નાખશે. બધી નિશાનીઓ જાહેર થઇ રહી છે. કુર્આન સહારો આપી રહ્યુ છેઃ

*યરવનહુમ બઇદ વ નરાહો કરીબન*

શું કુર્આન જે અલ્લાહના કલામ છે આપણને સહારો દેવાથી હાથ ઉપાડી લીધો છે? નહીં તેણે સાફ શબ્દોમાં કહ્યુંઃ આ ઝમીનના વારિસ અમારા એ બંદાઓ હશે જે આ દુનિયામાં કમઝોર કરી દેવામાં આવ્યા છે. (મુરાદ હઝરત હુજ્જત (અ.સ.) છે.)

વાત આ દુનિયાની જીંદગીના અમૂક દિવસોની ચાલી રહી હતી. જે હંમેશની જીદગીની શરૂઆત છે. જેની ઇચ્છા ફિતરતના રેસા રેસામાં વસેલી છે. આથી ઇલાહી અદાલતનો તકાઝો છે કે તે ઇન્સાનને હંમેશની જીંદગી આપે અને નાબુદ ન થવા દેય પરંતુ ઇલાહી અદાલતનો તકાઝો એ પણ છે કે તેઓ કે જે ઇમ્તેહાનમાં કામ્યાબ થશે અને પોતાના ઇખ્તિયારને ઇલાહી શરીઅતની હદોમાં બાકી રાખશે, તેઓ અન્અમ્તના મિસ્દાકે જઝાના હકદાર હશે અને જેણે હવસમાં ગફલતની જીંદગી પસાર કરી પોતાના ખાલીકની નેઅમતોનો ઇન્કાર કરતા મુત્લકુલ અનાની અપનાવશે. તેઓ મગ્ઝુબના મિસ્દાક અસ્હાબુન્નાર હુમ ફીહા ખાલેદુન થશે. બેશક નેક બંદાઓ માટે ખુલ્દે બરી પાલવ પાથરીને તેનો ઇન્તેઝાર કરી રહી છે.

મારા આકા, પર્દામાં રહીને અમારી મદદ કરવાવાળા! ચારે તરફ જાળો પથરાયેલી છે, ખુશ્નુમા દાણાઓ તેના પર લગાડેલા છે, નફસે અમ્મારા તેની તરફ લલચાય છે. મારા મૌલા તેને કાબુમાં રાખવાની તૌફીક આપજે. આ દુનિયામાંથી જ્યારે જઇએ આપનો ખુબસુરત ચેહરો મારી સામે હોય અને ખુલ્દે બરી હાસિલ કરવાની તીવ્ર ઇચ્છાની રાહો તૈયાર હોય. આમીન.

અય મારા મૌલા! મારો ઇશ્ક દિવાનગીની હદે આપને પોકારી રહ્યો છે. આ દિવાનગી જેના પર હઝાર ફરઝાનગી કુર્બાન સવાર-સાંજ આપને શોધી રહી છે. જેવી રીતે એક બેતાબ માઁ પોતાના ખોવાયેલા બાળકની શોધમાં લોકોના મોટા સમૂહમાં બેતાબી પૂર્વક ભાગી રહી હોય. મૌલા આપની લબ્બૈકની અવાજનો મીઠો રસ મારા કાનોમાં ક્યારે ટપકશે. આવાજ આપો મૌલા આપના ચાહવાવાળા હવે દિવાલો પર દીવાનાની જેમ માથુ અથડાવી રહ્યા છે. કદાચ અવાજ આવી રહી છે નમાઝ કાયમ કરો ઇબાદતની રૂહ નમાઝ છે. મારા ઝુહુરમાં જલ્દી થાય એ દુઆ કરો.

*નફસ બાદે સબા મશ્ક ફશાં ખ્વાહદ શુદ*
*આલમ પીર દીગર બાર જવાં ખ્વાહદ શુદ*

---ooo---